dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 98 | AD - 2026, Paush Vad - 07 | Saturday, Dt.10-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કેન્દ્રીય એજન્સીઓએ ચૂંટણી પહેલા પાર્ટીના વ્યૂહાત્મક દસ્તાવેજો અને ડેટા મેળવવાનો પ્રયાસ કરતા ટીએમસીના કાર્યકરો રસ્તા પર ઉતર્યા

# ટીએમસીના સાંસદોનું ગૃહમંત્રી અમિત શાહના ઘરની બહાર વિરોધ પ્રદર્શન

(એચ.એસ.એલ),કોલકતા,તા.૯

ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે કેન્દ્રીય એજન્સીઓ ચૂંટણી પહેલા પાર્ટીના વ્યૂહાત્મક દસ્તાવેજો અને ડેટા મેળવવાનો પ્રયાસ કરી રહી છે, જેનાથી રાજકીય વાતાવરણ વધુ ગરમ થઈ રહ્યું છે. પાર્ટીનું કહેવું છે કે આ કાર્યવાહી ચૂંટણીના વર્ષમાં રાજકીય દબાણ બનાવવાના કાવતરાનો ભાગ છે જેના ભાગરૂપે દિલ્હી સહિત અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે, બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી કોલકાતામાં તે સ્થળે પહોંચ્યા જ્યાંથી તેમણે ઈડીના આઈપીએસી દરોડા સામે કૂચનું નેતૃત્વ કર્યું હતું. કલકાતા હાઈકોર્ટમાં ઈડી દરોડા સંબંધિત કેસની સુનાવણી દરમિયાન ભારે ભીડ અને હોબાળો જોવા મળ્યો. આ કારણે, કોર્ટે સુનાવણી મુલતવી રાખી.

ટીએમસીના સાંસદોએ નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ટીએમસી સાંસદોની અટકાયત કરી હતી. ડેરેક ઓ'બ્રાયન, શતાબ્દી રોય, મહુઆ મોઈત્રા, બાપી હલદર, સાકેત ગોખલે, પ્રતિમા મંડલ, કીર્તિ આઝાદ અને ડૉ. શર્મિલા સરકાર અહીં વિરોધ કરવા પહોંચ્યા હતા. વીડિયોમાં પોલીસ ટીએમસી સાંસદોની ધરપકડ કરીને તેમને બળજબરીથી વાહનમાં બેસાડતી જોવા મળે છે. આ દરમિયાન, તેમાંથી એક જમીન પર પડી ગયો, પરંતુ પોલીસ તેને બળજબરીથી ઉપાડીને લઈ ગઈ.



તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ શુક્રવારે મોદી સરકાર પર લોકશાહીને દબાવવા માટે તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે વિરોધીઓને જેલમાં ધકેલી દેવામાં આવી રહ્યા છે, જ્યારે ગુનેગારોને સરળતાથી જામીન મળી રહ્યા છે. અભિષેક બેનર્જીએ આને નવા ભારતનું ભાજપનું વિઝન ગણાવ્યું.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તૃણમૂલ કોંગ્રેસનું ટ્વિટ શેર કરતા એકસએ લખ્યું કે લોકશાહીને સજા થઈ રહી છે, ગુનેગારોને પુરસ્કાર મળી રહ્યા છે અને ચૂંટણીઓ પ્રભાવિત થઈ રહી છે.


મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા ઈડી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવા પર પ્રતિક્રિયા આપતા, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે કહ્યું, "કાયદો સર્વોચ્ચ છે અને તેને દરેક સંજોગોમાં લાગુ કરવામાં આવશે." રાજ્યપાલે જણાવ્યું હતું કે આ મામલો હવે હાઈકોર્ટમાં પેન્ડિંગ છે, તેથી નિર્ણયની રાહ જોવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે તેઓ કોર્ટના નિર્ણય પછી જ પોતાનો અભિપ્રાય આપશે. તૃણમૂલ કોંગ્રેસ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને સંડોવતા કેસની સુનાવણી દરમિયાન મોટી ભીડના કારણે કલકત્તા હાઈકોર્ટમાં અંધાધૂંધી સર્જાઈ હતી. પરિણામે, હાઈકોર્ટે સુનાવણી ૧૪ જાન્યુઆરી સુધી મુલતવી રાખી છે. જસ્ટિસ શુભ્રા ઘોષ દ્વારા કેસ સાથે જોડાયેલા સિવાયના બધાને દૂર કરવાની વિનંતી છતાં, કોર્ટરૂમ વકીલોથી ભરેલો રહ્યો. તણાવ વધતાં, જજે પરિસ્થિતિને અસ્તવ્યસ્ત ગણાવીને કેસ સાંભળ્યા વિના કોર્ટરૂમ છોડી દીધો હતો.

ઈડીએ કોલકાતા હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી છે જેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને અન્ય લોકોની ભૂમિકાની સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તેઓએ કોલકાતામાં રાજકીય સલાહકાર કંપની આઈપીએસી અને તેના ડિરેક્ટર સામે ઈડીના દરોડામાં અવરોધ ઉભો કર્યો હતો.

# મધ્યપ્રદેશના ૧૭ જિલ્લામાં ધુમ્મસને કારણે ટ્રેનને અસર, બિહારમાં ઠંડીથી ૧૦૦૦ બાળકો બીમાર

ભોપાલ,તા.૦૯

મધ્ય પ્રદેશના ૧૭ જિલ્લામાં શુક્રવારે ધુમ્મસ છવાયેલું રહ્યું. આ કારણે દિલ્હીથી ભોપાલ, ઈન્દોર-ઉજ્જૈન આવતી એક ડઝન ટ્રેનો મોડી છે. છતરપુરનું ખજુરાહો સૌથી ઠંડું રહ્યું. અહીં તાપમાન ૩.૨ ડિગ્રી નોંધાયું. રીવામાં ૪.૧ ડિગ્રી, દતિયામાં ૪.૨ ડિગ્રી, નૌગાંવ-શિવપુરીમાં ૫ ડિગ્રી, ઉમરિયામાં ૫.૪ ડિગ્રી અને પંચમઢીમાં ૫.૮ ડિગ્રી રહ્યું. બિહારના પટનામાં ઠંડીના કારણે ૭ દિવસમાં ૧૦૦૦થી વધુ બાળકો બીમાર થઈને હોસ્પિટલ



પહોંચ્યા, જેમાંથી ૩ના મોત થયા. ૧૫ જિલ્લાનું લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રીથી નીચે નોંધાયું. ગયાજી શહેર સૌથી ઠંડું રહ્યું, જ્યાં તાપમાન ૪.૫ ડિગ્રી રહ્યું. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થવાથી ઠંડી વધી ગઈ છે, જેના કારણે ચમોલી, રુદ્રપ્રયાગ, ઉત્તરકાશી અને પિથોરાગઢમાં પાણીની પાઈપલાઈન જામી ગઈ છે. તો વળી દેહરાદૂનના ચકરાતામાં તાપમાન -૧°C નોંધાયું છે. અહીં આજે સવારે ઝાકળ જામી ગયેલું

### રાજસ્થાનમાં ઠંડીને કારણે ૨૫ જિલ્લાઓની શાળામાં રજા

જોવા મળ્યું હતુ. રાજસ્થાનમાં ધુમ્મસ ઓછું થયા પછી બર્ફીલા પવનની અસર તેજ બની ગઈ છે. સૌથી ઠંડું શહેર સીકર રહ્યું, જ્યાં લઘુત્તમ તાપમાન ૨.૫ ડિગ્રી નોંધાયું. જ્યારે, રણ પ્રદેશોમાં પણ કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે. ઠંડીના કારણે ૨૫ જિલ્લાઓમાં શાળાઓમાં રજા રહેશે.

# લેન્ડ ફોર જોબ કૌભાંડમાં લાલુ યાદવ સહિત ૪૦થી વધુ આરોપી સામે ચાર્જ ફ્રેમ

ન્યુ દિલ્હી,તા.૦૯

લેન્ડ ફોર જોબ કૌભાંડમાં રાષ્ટ્રીય જનતા દળ(RJD)ના વડા અને પૂર્વ રેલ મંત્રી લાલુ પ્રસાદ યાદવના પરિવારને મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આ મામલે લાલુ યાદવ સહિત ૪૦થી વધુ આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ કર્યા છે. કોર્ટે પોતાના આદેશમાં અત્યંત કડક શબ્દોનો પ્રયોગ કરતાં જણાવ્યું કે, લાલુ યાદવ અને તેમના પરિવાર વિરુદ્ધ પૂરતા પુરાવા મળ્યા છે. આ પુરાવાઓ દર્શાવે છે કે



સરકારી પદોની વહેંચણી કરવા માટે તેમણે એક 'ક્રિમિનલ એન્ટરપ્રાઈઝ' (ગુનાહિત સાહસ)ની જેમ કામ કર્યું હતું. કોર્ટે લાલુ પરિવારની કેસમાંથી મુક્ત થવાની અરજીને ફગાવી દેતા કહ્યું કે, આ મામલામાં પદનો દુરુપયોગ અને ષડયંત્ર સ્પષ્ટપણે દેખાઈ આવે છે. સીબીઆઈની વિશેષ અદાલતે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે માન્યું કે આ મામલામાં આગળની સુનાવણી માટે પૂરતો આધાર રહેલો છે. હવે આગામી પ્રક્રિયા હેઠળ ટ્રાયલ શરુ કરવામાં આવશે અને આરોપીઓ વિરુદ્ધ પુરાવા રજૂ કરવામાં આવશે. આ કેસની વિગતો મુજબ, કોર્ટે ૪૧ આરોપીઓ વિરુદ્ધ 'પ્રિવેન્શન ઑફ કરપ્શન એક્ટ'ની કલમ હેઠળ ટ્રાયલ ચલાવવાનો નિર્ણય લીધો છે, જે અંતર્ગત હવે તેમની સામે કાયદેસરની સુનાવણી શરૂ થશે. જોકે, આ જ કેસમાં અન્ય ૫૨ આરોપીઓને મોટી રાહત મળી છે, કારણ કે કોર્ટે પુરાવાના અભાવે તેમને ડિસ્ચાર્જ એટલે કે મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.






# ચાંદી પ્રતિ કિલો રૂ.૨.૩૯ લાખ અને સોનું પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧.૩૮ લાખે પહોંચ્યું

મુંબઈ,તા.૦૯

સોના-ચાંદીના ભાવમાં ૯ જાન્યુઆરીએ તેજી જોવા મળી હતી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૪૨૨ રૂપિયા વધીને ૧,૩૭,૧૯૫ રૂપિયા પર પહોંચી ગયો છે. ગઈકાલે તે ૧,૩૫,૭૭૩ રૂપિયા/૧૦g પર હતો. જ્યારે એક કિલો ચાંદીની કિંમત ૪,૧૬૮ રૂપિયા વધીને ૨,૩૯,૯૯૪ રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે તેની કિંમત ૨,૩૫,૮૨૬ રૂપિયા પ્રતિ કિલો



હતી. આ પહેલા ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સોનાની કિંમત ૧,૩૮,૧૬૧ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ઓલટાઈમ હાઈ પર હતી. જ્યારે ચાંદીની કિંમત ૭ જાન્યુઆરીએ ૨,૪૮,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી, જે તેના ભાવનું અત્યાર સુધીનું સૌથી ઉચ્ચતમ સ્તર છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૧૦-૦૧-૨૦૨૬

**મંડોર-સાવરકુંડલા બસની ડેકીમાંથી વિદેશી દારૂ, બીયરના ટીન ઝડપાયા બાદ**

# અમરેલી વિભાગીય નિયામકે કંડક્ટરને સસ્પેન્ડ કર્યો

**કોર્ટમાં રજૂ કરવામાં આવતા કંડક્ટરનો જામીન પર છુટકારો થયો હતો**

બગસરા,તા.૦૯

અમરેલી એસ.ટી. ડિવિઝનની મંડોર-સાવરકુંડલા બસની ડેકીમાંથી ગત તા.૮ના રોજ મોડી રાત્રે લાઈન ચેકિંગ દરમિયાન ડેકીમાંથી વિદેશી દારૂની બોટલ અને બીયરના ટીન મળ્યા હતા. જેથી લાઈન ચેકિંગ ટીમે ઢસા પોલીસને જાણ કરતા ઢસા પોલીસે કંડકટર સામે ગુનો નોંધ્યો હતો. જો કે એક દિવસ બાદ વિભાગીય નિયામક દ્વારા કંડક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સાવરકુંડલા



ડેપોની બસ મંડોરથી તા.૭ના રોજ ઉપડ્યા બાદ મોડી રાત્રે ૨:૩૦ વાગ્યાની આસપાસ ઢસા ચોકડીએ પહોંચતા અમરેલીની લાઈન ચેકિંગ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી જેમાં ડેકીમાંથી વિદેશી દારૂ અને બીયરના ટીન મળ્યા હતા. જેમાં ઢસા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે કંડકટર જગદીશ ભરાડની અટકાયત કરી હતી. કંડકટરને કોર્ટમાં રજૂ કરવામાં આવતા તેમનો જામીન પર છુટકારો થયો હતો. કંડકટરનો જામીન પર છુટકારો થતા જ વિભાગીય નિયામક દ્વારા તાત્કાલિક કંડક્ટર જગદીશ ભરાડને સસ્પેન્ડ કરાયો હતો. આમ, એસ.ટી.બસમાં દારૂની હેરાફેરી કરતા ડ્રાઈવર-કંડક્ટરોમાં ફફડાટ ફેલાયો છે.

# બાબરાના ચરખા ગામે ખેતીની જમીન પર ગેરકાયદે કબજો કરનાર બે શખ્સો સામે ગુનો નોંધાયો

બાબરા, તા.૦૯

બાબરા તાલુકાના ચરખા ગામની સીમમાં આવેલી લાખોની કિંમતની ખેતીની જમીન પર અનધિકૃત રીતે કબજો કરી, તેમાં પાક લઈને આર્થિક લાભ મેળવવા બદલ બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે રાજકોટમાં રહેતા પ્રકાશભાઈ ગોવિંદભાઈ મિયાત્રા (ઉ.વ.૪૭) એ હાલ સુરતમાં રહેતા મૂળ ચરખા ગામના રમેશભાઈ ભીમજીભાઈ કાનાણી તથા દિનેશભાઈ ભીમજીભાઈ કાનાણી સામે ફરિયાદ નોંધાવી હતી.

જમીનની જંત્રી મુજબ આશરે ૭,૨૦,૦૦૦ રૂપિયાની કિંમત ધરાવતી આ ખેતીની જમીન પર આરોપીઓએ કોઈપણ કાયદેસરની પરવાનગી વગર અનધિકૃત કબજો જમાવી દીધો હતો.

આરોપીઓએ માત્ર જમીન પચાવી પાડી એટલું જ નહીં, પરંતુ તેમાં ખેતીનો પાક લઈ તેમાંથી આર્થિક લાભ પણ મેળવ્યો હતો. જમીન હડપ કરી જવાની આ પ્રવૃત્તિ સામે ફરિયાદ થતા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ જમીન પચાવી પાડવા (લેન્ડ ગ્રેબિંગ) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# સુરત ઝોન પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતો ફરતો આરોપી અમરેલી LCBના હાથે ઝડપાયો

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા જિલ્લામાં ગુનાઓ આચરી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા સૂચના આપી હતી. જે અન્વયે અમરેલી LCB



દ્વારા સુરત સીઆઈડી ક્રાઈમ પોલીસ સ્ટેશનો નાસતો ફરતો આરોપી હર્ષદ હિંમત કાછડીયા રહે. સુરત મૂળ ગામ ગાધકડાવાળાને ઝડપી પાડી આરોપી સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વડીયામાં ડાયાભાઈ ઉંધાડની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે વિવિધ સેવાકાર્યોનું કરાયુ આયોજન

**રક્તદાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પ સાથે અબોલ જીવો માટે પણ સેવાકાર્યોનું આયોજન**


વડીયા, તા.૦૯

અમરેલી જિલ્લાના પીઢ રાજકીય આગેવાન અને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડના મોટાભાઈ તેમજ સુરત સ્થિત ઉદ્યોગપતિ દિલીપ ઊંધાડના પિતા સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઊંધાડની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વડીયાના ગાયત્રી ચોક યુવક મંડળ અને સ્થાનિક આગેવાનો દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરી સેવારૂપી શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આજે તા.૧૦/૦૧/ને શનિવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી વડીયાના કૃષ્ણપરામાં આવેલી પટેલ વાડી ખાતે રક્તદાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. આ નિદાન કેમ્પમાં અમરેલીની ખ્યાતનામ એઈમ્સ હોસ્પિટલના ડો. કેયુર કોટડીયા અને ડો. કૃણાલ થડેશ્વર પોતાની વિનામૂલ્યે સેવા આપશે. કેમ્પમાં ડાયાબિટીસ, કાર્ડિયોગ્રામ તપાસ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે અને જરૂરિયાતમંદ દર્દીઓને મફત દવા આપવામાં આવશે. માનવસેવા ઉપરાંત અબોલ જીવો માટે પણ સેવાકાર્યોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત વડીયાની ગોવર્ધન ગૌશાળા ખાતે પશુ આરોગ્ય મેળો યોજાશે, જેમાં પશુરોગ નિદાન અને સારવાર માટે ડોક્ટરોની સેવા મળશે. ઉપરાંત ગાયોને લીલો ઘાસચારો અને પક્ષીઓને ચણ નાખવા સહિતની પ્રવૃત્તિઓ હાથ ધરાશે. આયોજકો દ્વારા વડીયા તાલુકા અને વિસ્તારના લોકોને શનિવારે સવારે યોજાનાર આ તમામ સેવા કેમ્પનો લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# જાફરાબાદમાં પોલીસની તૈયારી કરી રહેલા ૨૪ વર્ષીય ટીઆરબી જવાનનું હાર્ટએટેકથી મોત

અમરેલી,તા.૦૯

જાફરાબાદ શહેરમાં રહેતા અને ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતા ૨૪ વર્ષીય હર્ષ મકવાણાનું હાર્ટએટેક આવતા મોત નિપજ્યું છે. આ યુવક ટીઆરબીમાં ફરજ બજાવવાની સાથે પોલીસ ભરતીની પણ તૈયારી કરી રહ્યો હતો. બનાવની વિગત એવી છે કે, હર્ષ જાફરાબાદથી વાપાળીયા વિસ્તાર તરફ ચાલવા (વોકિંગ) માટે ગયો હતો ત્યારે અચાનક તેને છાતીમાં દુ:ખાવો



ઉપડ્યો હતો. જેથી તેને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જોકે, રાજુલા હોસ્પિટલ લઈ જતા રસ્તામાં જ તેનું મોત થયું હતું.

# બાબરાના બુધવારી પુલને દબાણમુક્ત કરાયો : પાલિકાનું મેગા ઓપરેશન

બાબરા, તા.૦૯

બાબરા શહેરના હાર્દ સમાન અને કાળુભાર નદી પર આવેલા મહત્વના બુધવારી પુલ પર વધતા જતા દબાણોને દૂર કરવા માટે નગરપાલિકા તંત્ર દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીથી વર્ષો જૂની ટ્રાફિક સમસ્યાનો સુખદ અંત આવ્યો છે અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

શહેરના મુખ્ય માર્ગોને જોડતા આ પુલ પર સ્થાનિક લારી ગલ્લા અને પાથરણાવાળા ફેરિયાઓનું દબાણ એટલું વધી ગયું હતું કે વાહનો તો ઠીક, રાહદારીઓને ચાલવું પણ મુશ્કેલ બન્યું હતું. ફેરિયાઓ દ્વારા પુલની બંને સાઈડ રોકીને શાકભાજી અને કટલેરીનું વેચાણ કરવામાં આવતું હતું, તેમજ લારીઓ પર છત્રીઓ બાંધી દેવાતા આખો પુલ બ્લોક થઈ જતો હતો. આ ગંભીર સમસ્યાને પગલે પાલિકા ચીફ ઓફિસર દ્વારા પોલીસ


તસવીર : દિપક કનૈયા

કાફલાને સાથે રાખી જેસીબીની મદદથી દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી, જેમાં લારી કેબિન પાસેના ગેરકાયદે ઓટલાઓ પણ જમીનદોસ્ત કરી દેવાયા હતા.

આ તકે પાલિકા ચીફ ઓફિસર રવિભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સ્થાનિક લોકો અને રાહદારીઓની રજૂઆતને ધ્યાને રાખીને અમે બુધવારી પુલ પરથી તમામ દબાણો દૂર કરી પુલ ખુલ્લો કર્યો હતો. મેડિકલ ઈમરજન્સી અને ટ્રાફિકની સમસ્યા નિવારવા આ કડક કાર્યવાહી જરૂરી હતી. અમે તમામ ફેરિયાઓને અહીં ફરી ન બેસવા તાકીદ કરી છે. જોકે, ફેરિયાઓની આજીવિકાને ધ્યાને રાખીને પાલિકાના જુના પ્લાનિંગ મુજબ તેમને ટૂંક સમયમાં યોગ્ય વૈકલ્પિક જગ્યાએ ખસેડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

# અમરેલી જિલ્લાના સહકારી મંડળના મંત્રીઓ અને મેનેજરો ગોવા સ્ટેટ સ્ટડી વિઝીટ માટે રવાના

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી પ્રશિક્ષણ હેતુ 'ગોવા સ્ટેટ સ્ટડી વિઝીટ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લાના વિવિધ સહકારી મંડળના મંત્રી અને મેનેજરો ગોવા જવા માટે રવાના થયા




હતા. ગોવા રાજ્યના આ અભ્યાસ પ્રવાસ અંતર્ગત ગોવા રાજ્યમાં ચાલતી વિવિધ સહકારી સંસ્થાઓની પ્રતિનિધિમંડળ મુલાકાત લેશે અને ત્યાં ચાલી રહેલી સહકારી ગતિવિધિઓ વિશે માહિતી મેળવશે. ગોવા રાજ્યના સહકારી અભ્યાસથી અમરેલી જિલ્લાની સહકારી પ્રવૃત્તિમાં એક નવી ઉર્જા આવશે.

# મોટી કુંકાવાવ ખાતે સ્વ. ડોલરભાઈ દવેની બીજી પુણ્યતિથિ નિમિત્તે આજે આયુર્વેદ સર્વરોગ નિદાન કેમ્પ

કુંકાવાવ, તા.૦૯

મોટી કુંકાવાવ ખાતે આદરણીય સ્વ. ડોલરભાઈ દયાશંકરભાઈ દવેની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે આયુર્વેદ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તારીખ ૧૦/૦૧/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૯ થી ૨ વાગ્યા સુધી યોજાશે. કેમ્પનું આયોજન 'શારદા' શારદા શોપિંગ સેન્ટર, દેવળમાં, નિલકંઠ મહાદેવ મંદિર પાસે, સોજીત્રા હોસ્પિટલના પહેલા માળે, મોટી કુંકાવાવ ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સવારે ૯ કલાકે વંદનીય ગૌભક્ત ગોબરભાઈ ભગતના વરદ હસ્તે કરવામાં આવશે. આ કેમ્પમાં સાવરકુંડલાના સુપ્રસિદ્ધ વૈદ્ય અને ગોલ્ડ મેડાલિસ્ટ ડો. બળભદ્રભાઈ મહેતા (ભારત એવોર્ડ વિજેતા ૨૦૨૩ તથા આંતરરાષ્ટ્રીય વિશ્વ રેકોર્ડ ૨૦૨૪ થાઈલેન્ડ) તથા તેમની સુરત અને સાવરકુંડલા હોસ્પિટલની ટીમ સેવા આપશે. કેમ્પમાં આયુર્વેદ સારવાર, ફ્રી બોડી ચેકઅપ તેમજ સ્વાસ્થ્ય અંગેની જનરલ અવરનેસની માહિતી આપવામાં આવશે. આ મેડિકલ કેમ્પનો મોટી સંખ્યામાં લાભ લેવા માટે મોટી કુંકાવાવના તમામ નાગરિકોને આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલાની સંસ્કાર વિદ્યાલયમાં ગાયત્રી પરિવાર પ્રેરિત 'ત્રિવેણી સંગમ' કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલાની સંસ્કાર વિદ્યાલય પ્રાથમિક શાળા ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત ડિવાઈન ઈન્ડિયન યુથ એસોસિએશન (DIYA) દ્વારા 'ત્રિવેણી સંગમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. DIYA SK ગ્રુપ દ્વારા જનજાગૃતિ અભિયાન અંતર્ગત શાળામાં ગોષ્ઠિ યોજવામાં આવી હતી. જેમાં વ્યસન મુક્તિ, આહારવિહાર,



ઓરા (AURA) સાયન્સ, યોગ, પોઝીટીવ થીંકીંગ અને વિચાર વિજ્ઞાન જેવા વિવિધ વિષયો પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આચાર્ય કેતનભાઈ રાવલ દ્વારા ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને આગામી દિવસોમાં આવા અન્ય કાર્યક્રમો કરવા માટે સૂચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન DIYA SK ગ્રુપના કન્વીનર વિપુલભાઈ બોરીસાગર દ્વારા કરવામાં આવ્યું હતું.










# રાજુલાના વાવેરા નજીક રેલવે ટ્રેક પર સિંહ બેસી જતા ગુડઝ ટ્રેન થંભાવી દેવામાં આવી

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં મોડી રાત્રે એક મોટી રેલવે દુર્ઘટના ટળતા એક સિંહનો આબાદ બચાવ થયો હતો. સાવરકુંડલાથી પીપાવાવ પોર્ટ તરફ જતા રેલવે ટ્રેક પર રાજુલા તાલુકાના વાવેરા નજીક આ ઘટના બની હતી. પીપાવાવ પોર્ટ તરફ જતી એક ગુડ્સ ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે વનવિભાગ દ્વારા ટ્રેન પાઈલોટને ટ્રેક પર સિંહ હોવાની જાણ કરવામાં આવી હતી. જાણ મળતાની સાથે જ ટ્રેન રોકી દેવામાં આવી હતી. સિંહ ટ્રેક પર આવીને બેસી જતા ટ્રેનને અંદાજે એક કલાક સુધી અટકાવી રાખવી પડી હતી. વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ સિંહને સુરક્ષિત રીતે ટ્રેક પરથી દૂર ખસેડ્યો હતો. ટ્રેનના લોકોપાઈલોટ અને વનવિભાગની સમયસરની સાવચેતી તથા સંકલનને કારણે સિંહનો જીવ બચી ગયો હતો. શિયાળાની ઋતુમાં પાટા ગરમ રહેતા હોવાથી સિંહો રાત્રિના સમયે ટ્રેક પર આવવાના બનાવો અગાઉ પણ બન્યા છે.



# અનેક રજૂઆતો બાદ વડીયા-બાટવાદેવળી રોડનું કામ શરૂ: મંત્રી કૌશિક વેકરીયાએ પ્રારંભ કરાવ્યો

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડીયાથી રાજકોટ તરફ જતા વડીયા-બાટવાદેવળી રોડના નવીનીકરણની કામગીરીનો મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો છે. વર્ષોથી બિસ્માર હાલતમાં રહેલા આ રોડ માટે સ્થાનિક લોકોની અનેક રજૂઆતો અને નેતાઓના વચનો બાદ આખરે મુહૂર્ત આવતા લોકોમાં રાહત ફેલાઈ છે. તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુમ્મરના જણાવ્યા અનુસાર, આ રોડની કામગીરીમાં કોઈ ભ્રષ્ટાચાર ન થાય તે માટે સ્થાનિક આગેવાનો સતત દેખરેખ રાખશે. આ રોડ બનવાથી રાજકોટ તરફ જતા વાહનચાલકો અને રાહદારીઓની વર્ષો જૂની હાલાકીનો અંત આવશે. આ કાર્યક્રમમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા સાથે તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુમ્મર, સરપંચ મનીષ ઢોલરીયા, ચેતન દાફડા, ગજેન્દ્ર પટોળીયા અને અનિરુદ્ધ બોરીચા સહિતના સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા.



# 'તેરા તુજ કો અર્પણ' અંતર્ગત લાઠી પોલીસે ગુમ થયેલો મોબાઈલ મૂળ માલિકને પરત કર્યો




અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા પોલીસ વડાએ મિલ્કત ગુમના બનાવો તાત્કાલિક શોધી આપવા પોલીસને આદેશ કર્યો હતો. જે અન્વયે 'તેરા તુજ કો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત લાઠી પોલીસે ચાવંડ ગામે રહેતા મહેશ કાનાભાઈ ડેરનો ખોવાયેલો મોબાઈલ શોધી પરત કર્યો હતો.

# અમરેલીમાં અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૯

અમરેલી નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનબોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રિમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત થાય તે માટે જરૂરી કાયદાઓનો અમલ સતત અને નિયમિત રીતે કરવા માટે નિવાસી અધિક કલેક્ટરે સૂચનાઓ આપી હતી. જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે. ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે મેડિકલ કેમ્પ યોજાશે.

**કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે**

# લાઠી પોલીસે ચાઈનીઝ દોરીની ફીરકી સાથે એક શખ્સને ઝડપ્યો

લાઠી,તા.૦૯



ઉત્તરાયણ પર્વ નજીક આવતું હોય ત્યારે જિલ્લામાં ચાઈનીઝ દોરી વેચનાર પર તૂટી પડવા જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે આદેશ કર્યો હતો. જેથી લાઠી પીઆઈ એમ.એમ. સોનીની સૂચના હેઠળ પોલીસને બાતમી મળી હતી કે શહેરના સેતાપાટી વિસ્તારમાં ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોય જેથી પોલીસે રીયાજ રૂસ્તમ ચૌહાણને ચાઈનીઝ બનાવટની દોરી અને રીલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# અમરેલી બસપોર્ટ ખાતે ડ્રાઈવર-કંડક્ટરોને માર્ગ સલામતી બાબતે માહિતગાર કરાયા

અમરેલી,તા.૦૯

અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન જિલ્લામાં હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃતિ પ્રસરાવવામાં આવશે. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટીને લગતા જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે. 'શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન' પહેલ અન્વયે તા.૦૮ના રોજ અમરેલી એસ.ટી. બસપોર્ટ ખાતે ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ૬૦ થી ૭૦ જેટલા ડ્રાઈવર્સ-કંડક્ટરોને રોડ સેફ્ટી બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. લેન ડ્રાઈવીંગ કરવું, નો પાર્કિંગ ઝોનમાં વાહન પાર્ક ન કરવું, નશાનું સેવન ન કરવું, વાહનમાં સ્વચ્છતા રાખવી સહિતની બાબતો વિષયક જનજાગૃતિ વધે તેવા સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.




# જુનાસાવરમાં ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજની NSS શિબિરનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલામાં નૂતન કેળવણી મંડળ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજનો NSS વાર્ષિક શિબિર તારીખ ૩-૧-૨૬ થી ૯-૧-૨૦૨૬ જુનાસાવર ગામ મુકામે યોજાઈ રહી છે. આ શિબિરનું ઉદ્ઘાટન તા. ૩-૧-૨૬ ના રોજ મંડળનાં પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી/કામદારના અધ્યક્ષ સ્થાને થયું, જેમાં અતિથિ વિશેષ મનુભાઈ ડાવરા કે જેઓ સાવરકુંડલા તાલુકા પંચાયતના સદસ્ય છે સાથે સાથે આ કાર્યક્રમમાં જુનાસાવર ગામના અગ્રણી અનકભાઈ ખુમાણ, ભાભલુભાઈ ખુમાણ, કિશોરભાઈ કાનાણી, બકુલભાઈ કાનાણી, દિલીપભાઈ લહેરી, ડો. ભાઈલાલભાઈ કાનાણી, કાળુભાઈ જીજવાડીયા તથા હાઈસ્કૂલના આચાર્ય, આશિષભાઈ જોશી અને તેમનો સ્ટાફ, કુમારશાળાના આચાર્ય પ્રકાશભાઈ પાઘડાળ, કન્યા શાળાના આચાર્ય રેખાબેન ગોસાઈ, સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.








# અમરેલીમાં નિવૃત્ત શિક્ષક સાથે રૂ. ૧૫ લાખની ઓનલાઈન છેતરપિંડી

અમરેલી, તા.૯

ડિજિટલ યુગમાં સાયબર ઠગો હવે નિવૃત્ત લોકોને નિશાન બનાવી રહ્યા છે. અમરેલીમાં એક નિવૃત્ત શિક્ષકને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, ઠગ ટોળકીએ વિશ્વાસમાં લીધા અને તેમની જાણ બહાર બેંક ખાતામાંથી રૂ.૧૫ લાખની રકમ સાફ કરી નાખી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. અમરેલીમાં રહેતા નિવૃત્ત શિક્ષક રાજેશપ્રસાદ ઈન્દ્રવદન પંડીત (ઉ.વ.૬૧)એ ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો મુજબ, ઠગ ટોળકીએ સુનિયોજિત કાવતરું રચીને ફરિયાદી નિવૃત્ત શિક્ષકનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ પોતાની ઓળખ SBI બેંકના કર્મચારી તરીકે આપી હતી. ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે તેમણે વોટ્સએપ પર બેંકના નામે અલગ-અલગ ફાઈલો અને એપ્લિકેશન મોકલી હતી. આરોપીઓએ ફરિયાદીને આ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી મોબાઈલનો તમામ 'એક્સેસ' મેળવી લીધો હતો. ત્યારબાદ, તેમને વાતોમાં વ્યસ્ત રાખીને તેમની જાણ બહાર મોબાઈલ પર કંટ્રોલ મેળવી લીધો હતો. ૦૬/૦૧/૨૦૨૬ ના રોજ, જ્યારે શિક્ષક આરોપીઓ સાથે વાતચીતમાં વ્યસ્ત હતા, ત્યારે જ આરોપીઓએ બે અલગ-અલગ બેંક ખાતામાં કુલ ત્રણ ટ્રાન્જેક્શન કર્યા હતા. પળવારમાં જ શિક્ષકના ખાતામાંથી કુલ રૂ.૧૫,૦૦,૦૦૦/- ઉપડી ગયા હતા. છેતરપિંડીનો અહેસાસ થતા જ નિવૃત્ત શિક્ષકે પોલીસનો સંપર્ક કર્યો હતો હતો. પોલીસ ફરિયાદમાં મુખ્યત્વે ત્રણ મોબાઈલ નંબર ધારકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.






## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૦૪/૨૦૨૬

અરજદાર : શ્રી બાંભણીયા જીલુભાઈ ભાયાભાઈ
સરનામુ : મું.રોહીસા, તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા મું.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી બાંભણીયા જીલુભાઈ ભાયાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી કિંજલ જીલુભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૫/૦૨/૨૦૧૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૦૧/૨૦૨૬

અરજદાર : શ્રી સાંખટ વિજયભાઈ બાઘાભાઈ
સરનામુ : મું.મોટાબારમણ, તા.ખાંભા જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી મું.ટીંબી તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **ખાંભા તાલુકાના મોટાબારમણ** ગામના **શ્રી સાંખટ વિજયભાઈ બાઘાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી માનવીબેન વિયજભાઈ સાંખટ નો જન્મ** તા.૧૬/૦૪/૨૦૧૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.2/2026

**પ્રતિ,**
શ્રી વાઘેલા ખીમજીભાઈ ગોવિંદભાઈ,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

.....અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ માઢવડ કોટડા તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ વાઘેલા ખીમજીભાઈ ગોવિંદભાઈ તથા વાઘેલા ગંગાબેન ખીમજીભાઈના પુત્ર પ્રકાસકુમાર ખીમજીભાઈ વાઘેલાનો જન્મ તારીખ **02/04/1984** ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વેલણ માઢવડ કોટડા, તાલુકો કોડીનાર સને.**1984** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




# જાળીયા પ્રા.આરોગ્ય કેન્દ્રમાં કુટુંબ કલ્યાણ કેમ્પનું આયોજન કરાયુ

**૧૮ કુટુંબ નિયોજન ઓપરેશન સફળતાપૂર્વક કરાયા**

અમરેલી,તા.૦૯

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોશી અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર. કે. જાટના નેતૃત્વ હેઠળ જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કુટુંબ કલ્યાણના કેમ્પનું સફળતાપૂર્વક આયોજન



કરવામાં આવ્યું હતું. મેડિકલ ઓફિસર ડો. દિવ્યાબેન ચુડાસમા અને ડો. હેતલબેન ગળથીયાના માર્ગદર્શન તળે સુપરવાઈઝર કે.એમ. પંચોલી આ કેમ્પમાં જોડાયા હતા. આ કેમ્પમાં દર્દીઓ માટે લેબ ટેસ્ટ, તપાસ, અને તેડવા-મૂકવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સર્જન ડો. આર.કે. જાટ દ્વારા જાળીયા, મોટા આંકડીયા અને અમરેલી અર્બનના કુલ ૧૮ કુટુંબ નિયોજન ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા. આ કામગીરીમાં મદદરૂપ થયેલા તમામ સ્ટાફ અને આશા બહેનોનો સુપરવાઈઝર કે.એમ. પંચોલીએ આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલામાંથી ડિગ્રી વગર એલોપેથીક પ્રેક્ટિસ કરતો બોગસ તબીબ ઝડપાયો

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલામાં લોકોના સ્વાસ્થ્ય અને જિંદગી સાથે ચેડા કરતા બોગસ તબીબો વિરુદ્ધ પોલીસે લાલ આંખ કરી છે. કોઈપણ પ્રકારની સરકાર માન્ય ડિગ્રી કે રજિસ્ટ્રેશન વગર ગેરકાયદેસર ક્લિનિક ચલાવી એલોપેથીક સારવાર આપતા એક શખ્સને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

આ અંગે સાવરકુંડલાના જીરા ગામે આવેલા પીએચસીના મેડિકલ ઓફિસર ડો.પાર્થભાઈ અશોકભાઈ ભાલાળાએ સાવરકુંડલામાં રહેતા અહેમદભાઈ રાજેભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, આરોપી કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી ધરાવતો ન હોવા છતાં ક્લિનિક ખોલીને બેઠો હતો. તે પોતાની પાસે આવતા દર્દીઓનું નિદાન કરી તેમની પાસેથી ફી વસૂલતો હતો અને એલોપેથીક દવાઓ તેમજ ઈન્જેક્શન આપતો હતો. પોલીસને બાતમી મળતા દરોડો પાડતા આ ભાંડો ફૂટ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન સ્થળ પરથી એલોપેથીક દવાઓ અને મેડિકલ પ્રેક્ટિસમાં વપરાતી સાધન-સામગ્રી મળી કુલ ૧૩ નંગ વસ્તુઓ (કિંમત રૂ.૫,૨૫૮) જપ્ત કરવામાં આવી હતી. આરોપી પાસે મેડિકલ કાઉન્સિલમાં નોંધણી કરાવી હોય તેવી કોઈ ડિગ્રી મળી આવી નહોતી. આરોપી સારી રીતે જાણતો હતો કે યોગ્ય ડિગ્રી વગર સારવાર આપવાથી કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે અથવા માનવ જિંદગી જોખમાઈ શકે છે. તેમ છતાં, આર્થિક લાભ મેળવવા માટે તે દર્દીઓના જીવ સાથે રમત રમી રહ્યો હતો. પોલીસે મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના રામપરા-૨ ગામે નોકરી બાબતે થયેલ મનદુ:ખમાં યુવક પર હુમલો

રાજુલા, તા.૯

રાજુલા શહેરની એક્સિસ બેન્કની પાછળના ભાગમાં આવેલા CWC ગોડાઉન ખાતે ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ પર તેના જ ગામના ત્રણ શખ્સોએ જૂની અદાવતમાં હુમલો કર્યાની ઘટના સામે આવી હતી. આ અંગે રામપરા-૨ ગામે રહેતા બધાભાઈ મંગાભાઈ વાઘ (ઉ.વ.૨૮) એ ભોજો ઉર્ફે ભાવેશભાઈ સુમરાભાઈ વાઘ, ભગવાનભાઈ બાબુભાઈ વાઘ તથા બીજલભાઈ બાબુભાઈ વાઘ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ એક્સિસ બેન્કની પાછળ આવેલા CWC ગોડાઉનમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેઓ અહીં નોકરી કરે તે તેમના જ ગામના ત્રણ શખ્સોને ગમતું ન હોવાથી, તેઓ મનદુ:ખ રાખતા હતા. આ જૂની અદાવતને લીધે ત્રણેય શખ્સો મોટરસાયકલ લઈને ગોડાઉન પર પહોંચ્યા હતા.

# મોંઘીબા મહિલા કોલેજનો NSS કેમ્પ મોટા ગોખરવાળા મુકામે સંપન્ન થયો

અમરેલી, તા.૦૯

અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજના NSS વિભાગ દ્વારા તારીખ ૨૩થી ૨૯ દરમિયાન અમરેલી જિલ્લાના મોટા ગોખરવાળા ગામે સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સેવા, શિસ્ત, સામાજિક જવાબદારી તથા ગ્રામ્યજીવનની સમજ



વિકસાવવાનો હતો. શિબિરનું ઉદ્ઘાટન કોલેજના પ્રિન્સિપાલ તથા NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિરૂપા ટાંક, સરપંચ, ગામના આગેવાનો, કોલેજના સ્ટાફ મેમ્બર્સ અને પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના સમગ્ર સ્ટાફ મેમ્બર્સની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. ડૉ. એમ. જે. પટોળિયાએ NSSના ઉદ્દેશ્યો સમજાવીને સ્વયંસેવિકાઓને સેવાકાર્યમાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે પ્રેરણા આપી હતી. શિબિર દરમિયાન ગ્રામ સફાઈ અભિયાન, રસ્તા અને જાહેર સ્થળોની સફાઈ, આરોગ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ, સાયબર સુરક્ષા સંદેશ, પર્યાવરણ તથા સામાજિક સમરસતા વિષયક પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો.

# જિલ્લામાં નશામાં ટલ્લી થઈને ફરતાં ૨૯ પકડાયા

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશનની કડક કામગીરી કરી રહી છે. જે અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્થળેથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતાં ૨૯ ઈસમોને ઝડપીને લોકઅપની હવા ખવરાવી હતી. આ સિવાય જિલ્લામાં ચાર મહિલા સહિત ૨૯ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# બાબરાના વલારડી ગામે ઝેરી દવા પીવાથી આધેડનું મોત

બાબરા, તા.૦૯

બાબરાના વલારડી ગામે ઝેરી દવા પીવાથી આધેડનું મોત થયું હતું. ભરતભાઈ બાબુભાઈ દેથળીયા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, રાજેશભાઈ બાબુભાઈ દેથળીયા (ઉ.વ.૫૨) અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનું એફ.વાય. બી.એ. (સેમ.૦૨)ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ

અમરેલી, તા.૦૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એપ્રિલ–૨૦૨૫માં લેવાયેલી એફ.વાય.બી.એ. (સેમેસ્ટર–૦૨)ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજે ૮૩.૪૬ ટકા સાથે ઉત્કૃષ્ટ પરિણામ નોંધાવ્યું છે. કોલેજની વિદ્યાર્થિનીઓએ સમાજશાસ્ત્ર મુખ્ય વિષયમાં સરાહનીય પ્રદર્શન કર્યું છે. પ્રથમ ક્રમે ડાભી ધ્રુવી બાબાભાઈએ



૮૮.૩૭ ટકા મેળવ્યા છે. દ્વિતીય ક્રમે કલસારા દ્રષ્ટિ મયુરકુમાર તથા ભાસ્કર ખુશાલી નાનજીભાઈએ બંનેએ ૮૭.૦૮ ટકા સાથે સ્થાન મેળવ્યું છે, જ્યારે તૃતીય ક્રમે ટાંક અપેક્ષા જેરામભાઈએ ૮૫.૫૪ ટકા મેળવ્યા છે. આ ઉજ્જવળ પરિણામ બદલ કોલેજના અધ્યાપકોની મહેનત અને માર્ગદર્શનને બિરદાવવામાં આવ્યું છે. સંસ્થાના સ્ટાફ, વિદ્યાસભાના પદાધિકારીઓએ તમામ સફળ વિદ્યાર્થિનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# ચલાલાની રક્ષાશક્તિ ગર્લ્સ સ્કૂલમાં ગુડ ટચ-બેડ ટચ વિશે સમજણ અપાઈ



અમરેલી,તા.૦૯

ચલાલામાં આવેલી રક્ષાશક્તિ ગર્લ્સ સ્કૂલમાં બાળાઓને ગુડ ટચ-બેડ ટચ વચ્ચે સમજણ આપવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા શાળામાં અભ્યાસ કરતી બાળાઓને મિશન સ્માઈલ અંતર્ગત ગુડ ટચ-બેડ ટચ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ચલાલાની હરિબા મહિલા કોલેજનું બી.કોમનું ૧૦૦ ટકા પરિણામ

ચલાલા,તા.૦૯

ચલાલામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજનું બી.કોમનું ઝળહળતું પરિણામ જાહેર થયું છે. આજે ચલાલા અને આસપાસના ગામોની દીકરીઓ B.A., B.Com, BCA ના અભ્યાસ માટે આવે છે, જેમના માટે બસ સ્ટોપથી કોલેજ લઈ જવા, મૂકવાની વ્યવસ્થા પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી



દ્વારા લેવાય B.Com સેમ-૫ નું કોલેજ પરિણામ ૧૦૦% સફળતા સાથે ઠુમ્મર કેશવા પ્રથમ, ખુંટ બંસી દ્વિતીય,માંડવીયા પનસ્વીએ તૃતીય સ્થાન મેળવ્યું છે. શ્રેષ્ઠ પરિણામો મેળવવામાં ભારતભૂષણ મહેશભાઈ મહેતા, સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા, આચાર્ય, સ્ટાફનું માર્ગદર્શન સતત મળતું રહે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા. ૧૦-૦૧-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

**તા.૧૦-૦૧-૨૦૨૬ શનિવાર**

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો રોકાણ પણ કરી શકો છો.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારા લોકો સાથે મિલાપ થશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# બગસરા મોટી હવેલીના પ્રભુજી મહારાજના ૭૫મા જન્મોત્સવ અમૃત મહોત્સવની ઉજવણી

બગસરા,તા.૦૯

બગસરા મોટી હવેલીના પ.પૂ.પા.ગો.૧૦૮ શ્રી પ્રભુજી મહારાજશ્રીના ૭૫મા જન્મોત્સવ અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી તા. ૦૭ના રોજ થઈ. આ નિમિત્તે મોટી હવેલીના યુવરાજ પૂ.પા. ગો.ચિ.૧૦૮ શ્રી રાસેશ્વર બાવાશ્રીના માર્ગદર્શન હેઠળ ત્રણ દિવસીય શ્રી વલ્લભ



ગુણગાન વ્યાખ્યાન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મોત્સવના દિવસે મોટી હવેલીમાં ત્રણ પલના દર્શન, માર્કેન્ડય પૂજા, હીંચ કીર્તન અને ૨૫૦૦થી વધુ વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો હતો. સાંજે ગોકુલપરા પટેલ સમાજ વાડી ખાતે વધાઈ અને સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં દેશ-વિદેશથી વૈષ્ણવો, સંતો, મહંતો અને રાજકીય તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ હાજરી આપી હતી. સહકારી અગ્રણી રશ્વિનભાઈ ડોડીઆએ આ પ્રસંગે વધાઈ આપી હતી.

# ધારીના ધારગણી ગામે જિલ્લા પોલીસ વડાનો ગ્રામજનો સાથે સવાંદ

ધારી,તા.૦૯

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત ગ્રામ્યપંથકોનો પ્રવાસ કરી ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી રહ્યા છે. જેમાં ધારી તાલુકાના ધારગણી ગામે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે ગામના સરપંચ અને ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.



ગામમાં સીસીટીવી લગાવવાથી થતા ફાયદા અંગે ગ્રામજનોને જિલ્લા પોલીસ વડાએ માહિતગાર કર્યા હતા. તેમજ જિલ્લા પોલીસ વડાએ ગામમાં લગાડેલા સીસીટીવી કેમેરાને નિહાળ્યા હતા.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૯/૨૦૨૫

અરજદારશ્રી:- હેલૈયા અરજણભાઈ ભાયાભાઈ,
રે.બાઢડા તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તકમશ્રી બાઢડા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા હેલૈયા પુંજીબેન ભાયાભાઈનું મરણ તા.૦૭/૦૯/૧૯૮૭ ના રોજ મુ.બાઢડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# પત્નીએ છૂટાછેડા માટે પૈસાની માંગણી કરી હેરાન કરતા યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

બગસરા, તા.૦૯

જેતપુરના બોરડી સમઢીયાળાની યુવતી સાથે બે મહિના પૂર્વે પ્રેમલગ્ન કરનાર યુવકે પત્નીના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી હતી. પત્નીએ છૂટાછેડાના બદલામાં પૈસાની માંગણી કરી હેરાનગતિ શરૂ કરતા યુવકે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે માવજીંજવા ગામના મધુભાઈ મેઘજીભાઈ રાઠોડ (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર વિનોદભાઈએ આશરે બે-અઢી મહિના પહેલા પોતાના જ સમાજની કોમલબેન (રહે. બોરડી સમઢીયાળા, તા.જેતપુર) સાથે ફૂલહાર કરી લગ્ન કર્યા હતા. કોમલબેન તેમના અગાઉના લગ્નથી થયેલા બે સંતાનો સાથે વિનોદભાઈના ઘરે રહેવા આવ્યા હતા. જોકે, થોડો સમય વિનોદભાઈ સાથે રહ્યા બાદ તેઓ પોતાના પિયર પરત ફર્યા હતા.

પિયર ગયા બાદ કોમલબેને વિનોદભાઈ પાસે છૂટાછેડા લેવા માટે પૈસાની માંગણી શરૂ કરી હતી. પત્ની દ્વારા અવારનવાર પૈસા માટે દબાણ કરી માનસિક રીતે હેરાન કરવામાં આવતા વિનોદભાઈ અત્યંત આઘાતમાં સરી પડ્યા હતા. આ સતત થઈ રહેલી હેરાનગતિથી કંટાળીને અંતે વિનોદભાઈએ ઝેરી દવા પીને પોતાની જીવનલીલા સંકેલી લેવાનો પ્રયાસ કર્યો હતો. તેણે ઝેરી દવા પી લેતા તેને તાત્કાલિક અસરથી બગસરાની સુજલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના અંગે વિનોદભાઈના પિતાએ પોલીસને જાણ કરતા પોલીસે આ મામલે કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

**તંત્રી લેખ**

# અમેરિકન ટેરિફનો સામનો કરવા ભારત સક્ષમ

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી યુક્રેન યુદ્ધને એક વર્ષમાં રોકી ન શકવાના અકળામણ ભર્યા રાજકીય દબાણ વચ્ચે હવે વધુ કઠોર પગલાં તરફ વળ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિને શાંતિનું નોબેલ પ્રાઈઝ મળ્યું નહીં આથી તે અન્ય રાષ્ટ્ર પ્રત્યે નેગેટિવ વલણ ધરાવતા થઈ ગયા છે. ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાયો હોવાના વારંવારના નિવેદન પછી ભારતે તેનો સજ્જડ જવાબ આપ્યો છે આથી પણ તે ભારત તરફ નેગેટિવ વલણ ધરાવતા થઈ ગયા છે. આવી જ રીતે બ્રાઝિલ, આર્જેન્ટીના અને ક્યુબા જેવા અન્ય દેશો પ્રત્યે પણ તેનું વલણ નેગેટિવ છે બીજી બાજુ અમેરિકામાં રહેતા અન્ય દેશોના લોકો પ્રત્યેનું તેનું વલણ અમેરિકામાં ખૂબ ટીકાપાત્ર બન્યું છે અને તે આંદોલનનું રૂપ લઈ રહ્યું છે. વિરોધ પક્ષો પણ ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ લાવવાની તૈયારી કરી રહ્યા છે. રશિયા સામેનું પ્રતિબંધક બિલ મંજૂર કરીને ટ્રમ્પે વિશ્વ વેપાર વ્યવસ્થામાં ફરી એકવાર ''ટેરિફ''ને મુખ્ય હથિયાર બનાવ્યું છે. આ બિલ મુજબ રશિયાથી કાચું તેલ ખરીદનારા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાગશે—આ આંકડો માત્ર આર્થિક નહીં, પરંતુ રાજકીય સંદેશ પણ છે. સેનેટર લિન્ડસે ગ્રાહમના શબ્દોમાં, આ પગલું પુતિનની ''યુદ્ધ મશીન'' પર લગામ કસવા માટે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ લગામ કોના ગળે વધારે કસાશે? રશિયન ક્રૂડ ઓઈલ પર સસ્તા ભાવનો આધાર રાખનારા દેશોમાં ભારત, ચીન અને બ્રાઝિલ જેવા ઉદયમાન અર્થતંત્રો આવે છે. યુક્રેન યુદ્ધ પછી ઊર્જા ભાવમાં આવેલા ઉછાળાને સંતુલિત રાખવા માટે ભારતે વ્યાવહારિકતા અપનાવી હતી. સસ્તું રશિયન તેલ ખરીદવાથી મોંઘવારી કાબૂમાં રહી, ચલણ ખાતું સંભાળ્યું અને ઘરેલુ ઉદ્યોગોને રાહત મળી. હવે ૫૦૦ ટકા ટેરિફ જેવી કઠોર શરત ભારત માટે સીધી ઊર્જા નીતિ પર પ્રહાર સમાન છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતના ઝડપભેર આગળ વધતા અર્થતંત્ર પર બ્રેક મારવા સમાન અમેરિકાનું જ આ પગલું છે પરંતુ ભારત હવે અમેરિકાને પડતું મૂકી વિશ્વના બીજા પાંચ જેટલા યુરોપિયન અને એશિયાના બજારો તરફ વળી રહ્યું છે અને આમ ભારત અમેરિકા સામે કાઉન્ટર એક્શન લેશે તેમાં શંકા વગરની વાત છે. આવો ટેરિફ લાગુ પડે તો ભારતના અર્થતંત્ર પર તેની અસર બહુસ્તરીય હશે. પ્રથમ, ઊર્જા આયાત મોંઘી બનશે, જેના કારણે ઈંધણ ભાવ વધવાનું જોખમ છે. ઈંધણ મોંઘું એટલે પરિવહન ખર્ચ વધે, અને તે અંતે ખાદ્યપદાર્થોથી માંડીને ઉત્પાદન સુધીની કિંમતો પર દબાણ લાવે. મોંઘવારી ફરી માથું ઉંચું કરે તો વ્યાજદરની નીતિ પર પણ અસર પડશે. બીજું, ભારતનું ચલણ ખાતું (Current Account Deficit) વધવાની શક્યતા છે, કારણ કે ઊર્જા આયાતનું બિલ વધશે. ત્રીજું, અમેરિકી બજાર સાથે વેપાર સંબંધોમાં અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે—કારણ કે ટેરિફ હવે માત્ર આર્થિક સાધન નથી, પરંતુ રાજકીય દબાણનું સાધન બની ચૂક્યું છે. તેમ છતાં, ભારત માટે ચિત્ર માત્ર અંધકારમય નથી. ભારતીય વિદેશ વેપાર નીતિ છેલ્લા કેટલાક વર્ષોમાં એક મહત્વપૂર્ણ વળાંક લઈ રહી છે—''એક બજાર પર નિર્ભરતા નહીં.'' બ્રિટન સાથેનો વ્યાપક વેપાર કરાર, ઓમાન સાથે ઊર્જા અને લોજિસ્ટિક્સમાં સહકાર, અને ન્યૂઝીલેન્ડ સાથે કૃષિ તથા સેવા ક્ષેત્રમાં પ્રવેશ—આ બધું ભારતને નવા વિકલ્પો આપે છે. આ બજારોમાં પ્રવેશ માત્ર નિકાસ વધારવાનો પ્રયાસ નથી, પરંતુ જોખમ વિતરણ (risk diversification)ની સમજદાર નીતિ છે. બ્રિટન સાથે વધતો વેપાર ભારતના ફાઈનાન્સ, ટેકનોલોજી અને ફાર્મા ક્ષેત્રને મજબૂતી આપશે. ઓમાન જેવા દેશ સાથે ઊર્જા સહકાર ભારતને મધ્ય પૂર્વમાં વધુ સ્થિર સપ્લાય ચેન આપે છે, જે રશિયા પરની અતિ નિર્ભરતા ઘટાડે છે. ન્યૂઝીલેન્ડ સાથે કૃષિ અને ડેરી ક્ષેત્રમાં સહકારથી ભારતીય ખેડૂતોને નવી ટેકનોલોજી અને બજાર મળે છે.

# આરોગ્ય અને પર્યાવરણ માટે પ્રાકૃતિક ખેતી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આધુનિક જીવનની ભૌતિક સુખસગવડોની દોડમાં આપણે પ્રકૃતિ સાથેનો સંવેદનશીલ સંબંધ ભૂલી ગયા છીએ. અવિચારી વનનાશ, ઔદ્યોગિક પ્રદૂષણ અને કૃષિમાં રસાયણોનો અતિશય ઉપયોગ એ પાણી, હવા અને જમીનને પ્રદૂષિત કરી રહ્યા છે. વધુ ઉત્પાદનની લાલચે રાસાયણિક ખાતર, જંતુનાશકો અને જનીન રૂપાંતરિત બિયારણોએ કુદરતી સંતુલનને ડામી દીધું છે. આ વિકાસ મોડેલના પરિણામસ્વરૂપ આરોગ્ય સંકટ, પર્યાવરણીય અવનતિ અને ખેડૂતોનું આર્થિક સંકટ સર્જાયું છે. આ સંદર્ભમાં, પ્રાકૃતિક ખેતી એકમાત્ર ટકાઉ અને સંપૂર્ણ વિકલ્પ તરીકે ઊભી થાય છે.

પ્રાકૃતિક ખેતી એક સમગ્ર દ્રષ્ટિકોણ છે. પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના નિયમો અને સંતુલનને આધાર બનાવીને કરવામાં આવતી ખેતી. તેમાં કોઈપણ પ્રકારના સિન્થેટિક રાસાયણિક ખાતર, જંતુનાશકો, ફૂગનાશકો કે જનીન રૂપાંતરિત બિયારણોનો ઉપયોગ નથી થતો. આ પદ્ધતિ જમીનને માત્ર એક 'ઉત્પાદન મશીન' નહીં, પરંતુ એક 'જીવંત સત્તા' અને 'માતા' તરીકે માને છે. તેનો મૂળ ઉદ્દેશ્ય જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ, કૃમિઓ અને અન્ય જીવોના સ્વાસ્થ્યને જાળવવાનો છે, જે જમીનની લાંબા ગાળાની ઉપજાઉ શક્તિ માટે આવશ્યક છે. પ્રાકૃતિક ખેતીનો આધાર સ્થાનિક સંસાધનો અને પરંપરાગત જ્ઞાન પર હોય છે. ગાય આધારિત ખેતી, જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદન, પાક ચક્ર અને મિશ્ર ખેતી જેવી પદ્ધતિઓ તેના મુખ્ય સાધનો છે. આ પદ્ધતિઓ ખેતી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરે છે, કારણ કે ખેડૂત પોતે જ ઘરેલું ખાતર અને જૈવિક નિયંત્રણો તૈયાર કરી શકે છે. આખરે, પ્રાકૃતિક ખેતી માત્ર એક ખેતી પદ્ધતિ નથી પણ આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાયને જોડતી એક સમગ્ર જીવનશૈલી અને દર્શન છે. રાસાયણિક ખાતરો એમ કહી શકાય કે તે એક ભ્રામક શરૂઆત છે પણ તેનો વિનાશક અંત આવી રહ્યો છે. રાસાયણિક ખાતરોની શોધને ખેતી ક્ષેત્રે ક્રાંતિકારી વળાંક ગણવામાં આવી હતી. જસ્ટસ વોન લીબીગ જેવા વૈજ્ઞાનિકોએ પોષક તત્વોની ઝડપી પૂર્તિનો માર્ગ ખોલ્યો, જેથી ટૂંકા ગાળે ઉત્પાદનમાં ભારે વધારો થયો. જોકે, સમય જતાં આ 'સરળ ઉકેલ'ની વિનાશક આડઅસરો સામે આવી. અતિશય અને અસંતુલિત ઉપયોગથી જમીનની રચના નષ્ટ થઈ, તેની જીવંતતા (માઈક્રોબિયલ જીવન) નાશ પામી અને જમીન એક મૃત, રસાયણો પર આધારિત માધ્યમ બની ગઈ. રાસાયણિક ખાતરોનું જમીનમાંથી ધોવાઈ જઈને ભૂગર્ભજળમાં પ્રવેશવું એ એક ગંભીર સમસ્યા છે, જે પીવાના પાણીને નાઈટ્રેટ જેવા ઝેરી તત્વોથી દૂષિત કરે છે. આ પોષક તત્વો ખાદ્ય સાંકળમાં પ્રવેશીને માનવ આરોગ્ય પર ગંભીર પ્રભાવ પાડે છે. લાંબાગાળાનું સંતુલિત પોષણ ન મળવાથી ઉત્પાદિત અનાજમાં પોષકતત્વોનો ઘટાડો થાય છે, જેને 'ખાલી કેલરી'ની સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિએ ખેડૂતને કંપનીઓ પર નિર્ભર બનાવ્યો છે અને ખેતી ખર્ચ વધાર્યો છે.



જંતુનાશકો એટલે ચોરને પકડવા ઘર જ ફૂંકવા જેવું કાર્ય છે. જંતુનાશકો અને ફૂગનાશકોનો અતિશય ઉપયોગ રાસાયણિક ખાતરોથી પણ વધુ ભયાનક પરિણામો લાવ્યો છે. આ રસાયણો માત્ર લક્ષિત જીવાણુઓને જ નહીં, પરંતુ જમીનના ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ, મધમાખીઓ જેવા પરાગણકારીઓ અને અન્ય લાભકારી જીવોને પણ નષ્ટ કરે છે. આના કારણે પરિસ્થિતિકીય સંતુલન ભાંગે છે અને પરિણામે નવા અને વધુ તીવ્ર જંતુઓનો ઉદ્ભવ થાય છે, જેને 'પેસ્ટ સાઈકલ' કહેવાય છે.

આ રસાયણોનાં અવશેષો ખાદ્ય પદાર્થો પર રહી જાય છે, જે સીધા માનવ શરીરમાં પ્રવેશે છે. આ અવશેષો કર્કરોગ, હોર્મોનલ અસંતુલન, ન્યુરોલોજિકલ વિકારો, જન્મજાત ખામીઓ અને પ્રજનન સમસ્યાઓ સાથે સીધો સંબંધ ધરાવે છે. જમીન અને પાણીમાં એકત્રિત થઈને આ રસાયણો લાંબા સમય સુધી પર્યાવરણમાં રહે છે, જે આવનારી પેઢીઓ માટે પણ જોખમ રૂપ બને છે. જનીન રૂપાંતરિત (GM) બિયારણ મોટી સમસ્યા બન્યું છે. તે એક અનિશ્ચિત ભવિષ્યનો સોદો છે.

જનીન રૂપાંતરિત બિયારણોને ઉત્પાદન અને જંતુ-પ્રતિરોધકતા વધારવાનું વચન આપવામાં આવ્યું હતું. પરંતુ, તેના ગંભીર નકારાત્મક પરિણામો સામે આવ્યા છે. GM પાકો પરંપરાગત બિયારણોનું સ્થાન લેતાં, જૈવિક વિવિધતાનો ભારે નાશ થાય છે. આ વિવિધતા જ કુદરતી આપત્તિઓ સામે પાકની રોગપ્રતિકારક શક્તિનો આધાર છે.

ખેડૂતોને દર વર્ષે નવા GM બિયારણો ખરીદવા પડે છે, જેથી તેમની કંપનીઓ પર નિર્ભરતા વધે છે અને ખર્ચ વધે છે. GM પાકોની આસપાસ ઉગતા કુદરતી પાકો પર 'જનીન પ્રદૂષણ'નો ડર રહે છે. આથી વંશાનુગતિક રીતે ફેરફાર કરાયેલા આહાર પદાર્થોના માનવ આરોગ્ય પર લાંબા ગાળાના પ્રભાવ અંગે હજુ પણ ગંભીર શંકાઓ ઉભી કરે છે.

પ્રાકૃતિક ખેતી વિશે એમ કહી શકાય કે તે એક સમગ્ર સમાધાનો ધરાવતો માર્ગ છે. ઉપરોક્ત સમસ્યાઓના સંદર્ભમાં, પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને ફાયદા સ્પષ્ટ થાય છે. તેના ફાયદા નીચે મુજબ છે.

૧. આરોગ્ય લાભઃ ઝેરમુક્ત, પોષકતત્વોથી ભરપૂર અને સાત્વિક આહાર પૂરો પાડે છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને ચૈતન્યદાયક જીવનશૈલીનો આધાર બને છે.

૨. પર્યાવરણીય ટકાઉપણુંઃ જમીનની ફળદ્રુપતા અને જીવંતતા સુરક્ષિત રહે છે. પાણીનું પ્રદૂષણ ઘટે છે, ભૂગર્ભજળનું પુનઃભરણ વધે છે અને કાર્બન પદચિહ્નો ઘટે છે. જૈવવિવિધતાનું સંરક્ષણ થાય છે.

૩. આર્થિક સ્વાવલંબનઃ બાહ્ય ઈનપુટ પર નિર્ભરતા ઘટવાથી ખર્ચ ઘટે છે. સ્થાનિક બજારોને પ્રોત્સાહન મળે છે. લાંબા ગાળે જમીનની ઉત્પાદકતા જળવાય રહેતાં ખેડૂતની આવક સ્થિર રહે છે.

૪. સામાજિક સબળીકરણઃ તે સમુદાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપે છે, પરંપરાગત જ્ઞાનને સંરક્ષિત કરે છે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે.

અમૃત આહાર મહોત્સવઃ એક જીવંત ઉદાહરણ છે. 'પ્રાકૃતિક ખેતી જૂથ, મીઠીવીરડી' જેવા સમૂહો આ દિશામાં પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે. તેઓ દ્વારા આયોજિત 'અમૃત આહાર મહોત્સવ' જેવા કાર્યક્રમો પ્રાકૃતિક ઉત્પાદનો, સાત્વિક આહાર અને જાગૃતિને પ્રોત્સાહન આપવાનું એક માધ્યમ બની રહ્યા છે. આવી પહેલ સમાજને એકઠા થઈને વૈકલ્પિક માર્ગ અપનાવવા માટે પ્રેરિત કરે છે. આ પસંદગીનો સમય છે. આપણે શું કરવું જોઈએ. રાસાયણિક ખેતી અને પેસ્ટીસાઈડ સહિતના આધુનિક ઉપચારો વધુ ઉત્પાદન આપશે પરંતુ તેમાં માનવીઓના આરોગ્ય સામે અનેક પ્રશ્નો ઊભો થશે બીજી બાજુ પ્રાકૃતિક ખેતી છે જે સમગ્ર સમાજના આરોગ્યને એક સારી દિશા આપે છે અને એક તંદુરસ્ત સમાજનું નિર્માણ કરે છે. રાસાયણિક ખેતીની માર્ગદર્શિકા આપણને એક અટવાયેલા માર્ગ પર લઈ આવી છે, જ્યાં આરોગ્ય, પર્યાવરણ અને અર્થતંત્ર ત્રણેય સંકટમાં છે. પ્રાકૃતિક ખેતી આ પાસાને ફેરવવાની અને પ્રકૃતિ સાથે સુમેળ સાધવાની શક્તિ ધરાવે છે. તે આપણી જમીનને પુનઃજીવિત કરી, આપણા શરીરને શુદ્ધ અન્ન આપી અને આવનારી પેઢીઓ માટે સ્વચ્છ પર્યાવરણ સુરક્ષિત કરી શકે છે. હવે નિર્ણયનો સમય છે - એક લાભ-કેન્દ્રિત અને વિનાશક ભૂતકાળને ચાલુ રાખવો, અથવા સહઅસ્તિત્વ, સ્વાવલંબન અને સંપૂર્ણ આરોગ્ય તરફ દોરી જાય તેવા પ્રાકૃતિક માર્ગની પસંદગી કરવી. પ્રાકૃતિક ખેતી કોઈ વૈકલ્પિક પદ્ધતિ નથી; તે એક આવશ્યકતા અને આપણા અસ્તિત્વનો માર્ગ છે.

**પ્રાકૃતિક ખેતી માત્ર એક ખેતી પદ્ધતિ નથી પણ આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાયને જોડતી એક સમગ્ર જીવનશૈલી અને દર્શન છે.**

## શબ્દ સંજોગ- ૨૧૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ | ■ |
| | ■ | ૬ | | | ■ | ૭ | | |
| ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | ■ | | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ |
| ૧૬ | | ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | |
| | ■ | | ■ | ૨૧ | ૨૨ | | | ■ |
| ■ | ૨૩ | ■ | ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ |
| ૨૭ | | ■ | ૨૮ | | | ■ | ■ | |
| ૨૯ | | ■ | | ■ | ૩૦ | | | |

**આડી ચાવી :**
(૧) રાત્રી (૩)
(૩) વડની ડાળમાંથી ફૂટીને લબડતુ મૂળ (૪)
(૬) કાંત, પતિ(૩)
(૭) અંકુશ, હદ (૩)
(૮)તફાવત, જુદાપણુ (૨)
(૯) સાપની કાચળી (૨)
(૧૧) આ----- પકડ ગલા (૨)
(૧૩) માછલા પકડવાનો આંકડો (૨)
(૧૬) કોઈ જગ્યાએ અટક્યા વગરની મુસાફરી (૫)
(૧૯)ચાલતી વાતમાં પુરાતો હાજીપો (૩)
(૨૧) વણવાનો ધંધો કરનાર (આ-અ) (૪)
(૨૪) જરૂર, અવશ્ય (૩)
(૨૫) હોવાપણુ, પુષ્કળપણુ (૨)
(૨૭) મોટી નદી (૨)
(૨૮) એક રાશિ (૩)
(૨૯) જંગલ (૨)
(૩૦) મનોહર (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
(૧) સ્મરણ, યાદી (૨)
(૨) વાદળ (૩)
(૩) વેપાર, ધંધો (૩)
(૪) નારી, સુંદર સ્ત્રી (૨)
(૮) બગાડ, નુકસાન (૩)
(૧૦) મોહ, મેળ (૨)
(૧૧) બોર (૨)
(૧૨) ક્યાં રાજા.......ને ક્યાં ગાંગો તેલી (૨)
(૧૪) ફેરો, ચક્કર (૩)
(૧૫) ડોક્ટર દર્દીને ........ખોરાક ખાવાની ના જ પાડે (૨)
(૧૭) ભેદ, છૂપી વાત (૨)
(૧૮) ભાંગે નહી પણ વળે એવું (૪)
(૨૦) ધનુષ્યની દોરી (૩)
(૨૨) ધાતુના પતરા કાપવાની કાતર (૪)
(૨૩) રૂદન, રડવું તે (૩)
(૨૪) એક ફરસાણ (૩)
(૨૬) લીન, એકાગ્ર (૩)
(૨૭) ના બોલવામાં આટલા ગુણ (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૦ જવાબ

**આડી ચાવીઃ** (૧) ભ્રામક (૪) દવ (૫) દોષ (૬) તારક (૭) હાલ (૮) ડોડો (૯) જતન (૧૧) સરકાર (૧૩) લખોટી (૧૫) કલા (૧૭) દવલુ (૧૯) ઘા (૨૦) રકમ (૨૨) ગીની (૨૪) પરી (૨૫) ખાનદાની (૨૭) લવણ (૨૮) તક (૨૯) કસમ (૩૦) છડી.
**ઉભી ચાવીઃ** (૧) ભ્રાતા (૨) મરડો (૩) કકડો (૪) દરકાર (૫) દોલત (૭) હાજર (૧૦) કોલ (૧૨) કાન (૧૪) ટીદમદા (દમડાટી) (૧૬) લાવરી (૧૮) લુંગી (૨૦) રખાત (૨૧) કનક (૨૩) નીલમ (૨૪) પણછ (૨૬) નીક.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૦૧ |
| જુવાર લાલ | ૮૨૦ | ૧૦૧૮ |
| બાજરી | ૩૪૦ | ૪૫૨ |
| તુવેર | ૯૫૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૯૬૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૧૯૯ | ૧૯૧૧ |
| અડદ | ૯૦૦ | ૧૫૫૦ |
| મગ | ૧૧૨૦ | ૧૯૯૦ |
| વાલ દેશી | ૬૫૧ | ૧૩૩૩ |
| ચોળી | ૯૦૦ | ૧૪૨૧ |
| મઠ | ૧૧૦૧ | ૨૦૧૧ |
| વટાણા | ૩૦૦ | ૧૫૦૦ |
| કળથી | ૩૫૧ | ૪૫૦ |
| રાજમા | ૪૫૦ | ૧૫૭૦ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૩૮૦ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૪૩૫ |
| તલી | ૧૭૧૦ | ૨૧૭૦ |
| એરંડા | ૧૦૦૧ | ૧૨૫૫ |
| સુવા | ૧૨૫૫ | ૧૭૦૪ |
| સોયાબીન | ૮૫૦ | ૯૭૦ |
| સીંગફાડા | ૯૫૫ | ૧૫૩૦ |
| કાળા તલ | ૩૩૯૦ | ૪૮૭૦ |
| લસણ | ૧૦૫૦ | ૧૫૩૫ |
| ધાણા | ૧૧૨૦ | ૧૮૯૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૪૮૦૦ |
| ધાણી | ૧૪૮૦ | ૧૯૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૫૧૧ | ૪૧૫૦ |
| રાય | ૧૪૫૦ | ૧૮૦૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૮૫ |
| ઇસબગુલ | ૧૪૫૦ | ૨૩૬૧ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૪૪૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૫૦ |
| રજકાનું બી | ૬૫૫૦ | ૮૦૧૫ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૪૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૫૬ | ૫૬૨ |
| પપૈયા | ૮૯ | ૧૩૬ |
| બટેટા | ૧૧૬ | ૩૪૯ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૭૦ |
| ટમેટા | ૫૩૧ | ૮૨૨ |
| સુરણ | ૬૧૨ | ૮૨૩ |
| કોથમરી | ૧૫૨ | ૨૧૯ |
| મુળા | ૩૦૩ | ૫૧૩ |
| રીંગણા | ૨૧૪ | ૩૧૮ |
| કોબીજ | ૬૨ | ૧૨૧ |
| ફ્લાવર | ૨૨૪ | ૪૩૩ |
| ભીંડો | ૭૭૭ | ૯૮૮ |
| ગુવાર | ૧૧૨૪ | ૧૭૩૫ |
| ચોળાસીંગ | ૫૨૮ | ૮૩૭ |
| વાલોળ | ૨૧૧ | ૩૯૨ |
| ટીંડારા | ૪૧૯ | ૬૨૯ |
| દુધી | ૨૧૮ | ૪૫૩ |
| કારેલા | ૫૮૩ | ૭૮૯ |
| સરગવો | ૧૦૨૩ | ૧૬૧૪ |
| તુરીયા | ૯૭૮ | ૧૫૨૩ |
| પરવર | ૧૧૭૧ | ૧૪૬૨ |
| કાકડી | ૨૫૯ | ૭૧૪ |
| ગાજર | ૨૦૩ | ૩૦૮ |
| વટાણા | ૩૧૨ | ૪૪૮ |
| તુવેરસીંગ | ૩૮૭ | ૬૯૧ |
| ગલકા | ૫૩૮ | ૭૨૬ |
| બીટ | ૧૦૩ | ૨૦૮ |
| મેથી | ૯૮ | ૧૫૭ |
| વાલ | ૩૧૯ | ૪૮૮ |
| ડુંગળી લીલી | ૨૭૧ | ૪૧૩ |
| આદુ | ૯૨૬ | ૧૧૧૦ |
| ચણા લીલા | ૧૧૬ | ૩૯૪ |
| મરચા લીલા | ૪૧૪ | ૭૦૨ |
| હળદર લીલી | ૪૨૬ | ૭૦૫ |
| લસણ લીલું | ૫૭૧ | ૮૩૬ |
| મકાઇ લીલી | ૨૦૧ | ૩૧૭ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૫૧ |
| સિંગદાણા જાડા | ૧૩૯૧ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૯૪૦ | ૧૫૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૨૬ |
| જીરૂ | ૩૨૫૧ | ૪૨૪૧ |
| ધાણા | ૧૦૫૧ | ૨૦૦૬ |
| લસણ સુકું | ૯૦૧ | ૧૯૧૧ |
| અડદ | ૯૬૧ | ૧૪૧૧ |
| મઠ | ૯૦૧ | ૧૧૨૬ |
| તુવેર | ૯૦૦ | ૧૪૫૧ |
| મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| કાંગ | ૪૫૧ | ૫૬૧ |
| સુરજમુખી | ૧૫૭૬ | ૧૫૭૬ |
| ગુવાર બી | ૯૮૧ | ૯૮૧ |
| નવા ધાણા | ૨૩૨૬ | ૨૩૨૬ |
| નવી ધાણી | ૧૬૭૬ | ૧૬૭૬ |
| નવું જીરૂ | ૫૬૫૧ | ૫૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૪૬ | ૧૯૫૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૧૨૧ |
| ધાણી | ૧૨૦૦ | ૧૯૭૬ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૫૧ |
| બાજરો | ૩૪૧ | ૪૧૧ |
| જુવાર | ૪૮૧ | ૯૯૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૨૧ |
| મગ | ૯૯૧ | ૧૮૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૧૧ |
| વાલ | ૭૭૬ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૧૨૨૧ |
| સોયાબીન | ૭૫૦ | ૯૭૧ |
| કળથી | ૫૫૦ | ૫૫૦ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૨૬૧ | ૮૨૬ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૪૦ |
| બટેટા | ૧૩૦ | ૨૩૦ |
| આંબળા | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૪ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| શેરડી | ૮૦ | ૧૨૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૪૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૪ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| લસણ પુરા | ૧ | ૪ |
| પાલક પુરા | ૧ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૩૫૦ |
| શિંગ દૃદૃ નં. | ૧૧૯૦ | ૧૧૯૦ |
| શીંગ ગીરનાર | ૧૦૫૫ | ૧૩૭૫ |
| શિંગ મોટી | ૯૩૦ | ૧૪૦૫ |
| શિંગદાણા | ૧૦૫૦ | ૧૬૨૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૭૫ | ૧૪૯૫ |
| તલ સફેદ | ૯૯૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૦૦૦ |
| તલ કાશ્મીરી | ૧૧૯૦ | ૨૨૬૦ |
| બાજરો | ૩૨૦ | ૩૪૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| અડદ | ૭૨૦ | ૧૫૧૫ |
| ચણા | ૭૫૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૭૨૫ | ૧૧૪૫ |
| છોલે ચણા | ૧૪૫૦ | ૧૫૫૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૧૦ |
| કપાસ | ૧૦૪૦ | ૧૬૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| જીરૂ | ૩૩૧૦ | ૪૨૩૫ |
| રાય | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ધાણા | ૧૦૩૦ | ૧૮૫૫ |
| મેથી | ૮૦૦ | ૯૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૮૫ |
| રજકાનુ બી | ૩૦૦૦ | ૮૦૦૦ |
| મરચા લાંબા | ૯૫૦ | ૪૭૦૦ |
| કાંગ | ૩૯૦ | ૫૫૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૧૦ | ૩૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૦૦ |
| કોબીઝ | ૧૬૦ | ૨૧૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૧૦ | ૩૧૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૪૧૦ | ૫૧૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૧૦ | ૧૦૧૦ |
| આમળા | ૫૨૦ | ૬૨૦ |
| વાલ | ૫૨૦ | ૬૨૦ |
| ભીડો | ૬૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૧૦ | ૨૬૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૭૧૦ | ૮૧૦ |
| બીટ | ૨૧૦ | ૩૧૦ |
| તુવેર | ૬૦૦ | ૬૫૦ |
| લીમડો મી. | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૪૧૦ | ૫૧૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૬૨૦ | ૧૯૨૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૨૦ | ૪૨૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૧૨૫ | ૧૩૭૫ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૩૧૮ |
| જીરૂ | ૩૭૭૫ | ૪૧૦૧ |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૬૪ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૩૭૦ | ૫૭૦ |
| જુવાર | ૬૨૦ | ૭૦૦ |
| મગ | - | ૨૫૦૮ |
| ચણા | ૮૫૦ | ૧૦૩૧ |
| તુવેર | ૧૨૨૪ | ૧૪૮૫ |
| એરંડી | ૧૦૫૫ | ૧૨૫૧ |
| મેથી | ૮૬૦ | - |
| રાય/રાયડો | ૧૫૦૦ | - |
| ધાણા | ૧૧૫૦ | ૧૭૯૧ |
| સોયાબીન | ૯૦૦ | ૯૭૭ |

### લીલીયા મોટા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૨૮ | ૧૫૩૮ |
| મગફળી | ૧૨૬૯ | ૧૨૬૯ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૦૭૫ | ૧૫૦૧ |
| મગફળી | ૧૦૧૫ | ૧૨૨૫ |
| ઘઉં | ૪૧૧ | ૫૧૭ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૫ |
| અડદ | ૫૬૦ | ૧૧૦૫ |
| ધાણા | ૧૬૦૫ | ૧૬૦૫ |
| શીંગ દાણા | ૧૧૭૦ | ૧૪૫૧ |
| શીંગ ફાડા | ૧૩૪૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૫૮૯ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૧૮ |
| ચણા | ૯૨૫ | ૧૦૪૨ |
| ધાણા | ૧૬૩૦ | ૧૭૯૦ |
| મેથી | ૬૫૦ | ૮૨૫ |
| સોયાબીન | ૭૪૦ | ૯૯૦ |
| મગફળી | ૬૦૦ | ૧૩૫૦ |
| કાંગ | ૪૩૫ | ૪૩૫ |
| શીંગદાણા | ૧૩૩૦ | ૧૩૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૩૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૯૪ |
| તલ કાળા | ૨૯૦૧ | ૨૯૦૧ |
| તલ પીળા | ૨૧૪૧ | ૨૧૫૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| બાજરો | ૩૫૧ | ૪૫૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૨ |
| જુવાર | ૬૦૦ | ૧૦૭૪ |
| મકાઈ | ૪૧૨ | ૪૧૨ |
| મગ | ૭૦૦ | ૨૨૦૦ |
| ચણા | ૯૨૫ | ૯૮૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૨૧ |
| રાય | ૧૬૦૦ | ૧૬૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૦૬ |
| કપાસ મીડીયમ | ૧૧૧૦ | ૧૨૯૫ |
| મગફળી | ૧૧૪૧ | ૧૩૫૯ |
| તલ સફેદ | ૧૬૩૫ | ૧૯૯૫ |
| જીરૂ | ૩૨૨૦ | ૪૧૬૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ચણા | ૯૫૨ | ૧૦૫૮ |
| અડદ | ૯૦૫ | ૧૧૮૫ |
| તુવેર | ૯૪૫ | ૧૨૫૫ |
| સોયાબીન | ૭૮૫ | ૯૩૫ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૩૧ | ૧૫૮૧ |
| મગફળી | ૧૨૪૧ | ૧૩૬૭ |
| તલ સફેદ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ | ૪૨૫ | ૪૨૫ |
| એરંડા | ૧૨૪૦ | ૧૨૪૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૮૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૬ |
| ચણા | ૭૦૧ | ૯૮૬ |
| અડદ | ૭૦૧ | ૧૩૦૬ |
| તુવેર | ૮૦૧ | ૧૨૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૧૬ |
| શીંગ ફાડા | ૧૧૦૧ | ૧૩૯૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૦૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૩૧ |
| લસણ | ૩૦૦ | ૧૦૩૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૭૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૧૨૦ | ૧૩૧૬ |
| શીંગ ૩૯ | ૧૦૭૦ | ૧૨૪૦ |
| શીંગ ગીરનાર | ૧૨૫૦ | ૧૩૧૨ |
| શીંગ જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૨૦ |
| જુવાર | ૨૦૦ | ૮૬૦ |
| બાજરી | ૩૫૧ | ૬૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૭ |
| મકાઈ | ૩૯૪ | ૩૯૪ |
| અડદ | ૭૪૦ | ૧૧૦૦ |
| મગ દેશી | ૫૫૦ | ૨૯૦૦ |
| સોયાબીન | ૯૯૨ | ૯૯૩ |
| ચણા | ૭૯૪ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૧૨૧૫ | ૨૨૧૬ |
| તુવેર | ૪૯૦ | ૧૨૬૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૩૬૬ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૪૨૪ |
| કપાસ શંકર | ૩૦૬ | ૧૫૦૮ |
| નાળીયેર | ૫૫૬ | ૨૨૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૭૦ | ૧૪૦૫ |
| મગફળી ૩૨ ન | ૧૦૭૦ | ૧૪૦૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૫ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૫૯ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૯૬ |
| જુવાર | ૮૫૦ | ૯૫૬ |
| અડદ | ૭૫૦ | ૧૩૭૫ |
| મગ | ૯૨૧ | ૧૮૪૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૨૦ |
| તલ કાળા | ૩૨૫૦ | ૫૩૫૩ |
| સોયાબીન | ૮૫૦ | ૯૮૮ |

### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૩૦૦ | ૪૪૮ |
| ઘઉં | ૩૫૦ | ૫૪૫ |
| અડદ | ૯૦૦ | ૧૩૭૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૪૫ |
| ચોળી | ૪૪૫ | ૭૨૫ |
| વાલ | ૪૦૦ | ૬૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૧૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૪૦ |
| મગફળી દૃદૃનં. | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૪૪૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૯ |
| તલ | ૧૪૦૦ | ૧૯૨૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૦૦ |
| લસણ | ૧૦૦૦ | ૨૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| જીરૂ | ૩૧૨૫ | ૪૧૭૦ |
| અજમો | ૧૩૦૦ | ૪૫૨૫ |
| અજમાની ભુસી | ૬૦ | ૨૧૭૦ |
| મરચા | ૧૫૦૦ | ૪૪૦૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૧૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૭૮ |
| રાજમા | ૫૦૦ | ૯૭૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વડીયાની બેન્ક ઓફ ઈન્ડિયા બ્રાન્ચે ખાતેદારોની વીમા પોલિસી ફરજિયાત ઉતારી લેતા રોષ

વડીયા,તા.૦૯



વડીયા ખાતે આવેલી બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચ સરકારની બે વીમા પોલિસીઓ - પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ સુરક્ષા વીમા યોજના (PMJJBY) બાબતે વિવાદમાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, બેન્કે તેના ખાતેદારોની મંજૂરી વિના જ તેમના ખાતામાંથી આ યોજનાઓના પ્રીમિયમની રકમ કાપી લીધી હતી અને પોલિસીઓ ફરજિયાત આપી દીધી હતી. ગ્રાહકોને મોબાઈલ મેસેજ દ્વારા આ કપાતની જાણ થતા તેઓએ બેન્કનો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં બેન્ક અધિકારીઓ દ્વારા સંતોષકારક જવાબ ન મળતા ગ્રાહકો ઉગ્ર બન્યા હતા. ત્યારબાદ બેન્કે મંજૂરી વિના કપાયેલા રૂપિયા પરત કર્યા હતા. ગ્રાહકોની પરવાનગી વગર આ રીતે વીમા પોલિસી થોપી બેસાડવી અને પ્રીમિયમ કાપી લેવું કેટલું યોગ્ય છે, તે મોટો સવાલ છે. આ બાબતે બેન્ક ઓફ ઈન્ડિયાના ઉપરી અધિકારીઓ અને આરબીઆઈ કડક કાર્યવાહી કરે તેવી લોક માંગણી પ્રવર્તી રહી છે.

# મગફળીની ટેકાના ભાવે ખરીદીની મુદત વધારવા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાની માંગ

**૧૭ જાન્યુઆરીની મુદત પૂર્ણ થતી હોવાથી કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખ્યો**

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને મગફળીની ટેકાના ભાવે (MSP) ખરીદીની મુદતમાં વધારો કરવા રજૂઆત કરી છે. ધારાસભ્યએ પત્રમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૪૫૨ પ્રતિ મણના ભાવે ગત તા. ૦૯-૧૧-૨૦૨૫ થી મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે, જેની કટ ઓફ ડેટ ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ છે. પરંતુ અમરેલી સહિતના જિલ્લાઓમાં વિવિધ કારણોસર આ સમયમર્યાદામાં તમામ ખેડૂતોનો વારો આવી શકે તેમ નથી. ધારાસભ્યએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, ૨ નવેમ્બર સુધી અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં કમોસમી વરસાદને કારણે મગફળી તૈયાર ન હતી. ત્યારબાદ ખેડૂતો રવિ પાકની વાવણીમાં વ્યસ્ત હતા. આ ઉપરાંત, કેટલાક કેન્દ્રો પર ધીમી પ્રક્રિયા, ગોડાઉન ફાળવણી અને વેરહાઉસ મેપિંગમાં વિલંબ તેમજ ટ્રકોમાંથી જથ્થો અનલોડ ન થવા જેવા ટેકનિકલ કારણો પણ જવાબદાર છે. આ સંજોગોને ધ્યાનમાં લઈ ૧૭ જાન્યુઆરી સુધીમાં ૧૦૦% ખરીદી શક્ય ન હોવાથી, રજીસ્ટ્રેશન થયેલ દરેક ખેડૂતનો સમાવેશ કરવા માટે મુદતમાં વધારો કરવા ધારાસભ્યએ ખાસ ભલામણ કરી છે.

# અમરેલીના જુસ્સાને મળ્યું રાષ્ટ્રીય મંચ : 'નવું અમરેલી' મિશન શાર્ક ટેન્ક ઈન્ડિયા પર

તોરી, તા.૦૯




અમરેલીના યુવા ઉદ્યોગસાહસિકોએ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. 'ભગવાનની કૃપાથી', તેમનું 'નવું અમરેલી' બનાવવાનું મિશન હવે ભારતના સૌથી મોટા બિઝનેસ પ્લેટફોર્મ, શાર્ક ટેન્ક ઈન્ડિયા સુધી પહોંચ્યું છે. આ પહેલ માત્ર બિઝનેસ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે દેશભરમાં એક સંદેશ પહોંચાડવા માટે છે કે વિશ્વસ્તરીય ઈનોવેશનની શરૂઆત કોઈ પણ નાના સ્થળેથી થઈ શકે છે. આ ટીમ ગુજરાતના અમરેલી જિલ્લામાં રહીને પણ વૈશ્વિક કક્ષાનું કાર્ય કરી રહી છે. તેમના વિઝન અને ઉદ્દેશોને રજૂ કરતો આ ખાસ એપિસોડ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, Sony TV અને Sony LIV પર પ્રસારિત થશે. 'નવું અમરેલી'ની ટીમ સમગ્ર દેશ સમક્ષ પોતાનો દમખમ બતાવવા માટે તૈયાર છે.

**એસ.પી. જયદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સફળ કામગીરી**

# કોડીનાર પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા ૨૪ અરજદારોને રૂ. ૮.૪૯ લાખ પરત અપાવ્યા

**પોલીસની કામગીરીથી અરજદારોમાં આનંદની લાગણી પ્રસરી**

કોડીનાર,તા.૦૯

ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા સાયબર ક્રાઈમનો ભોગ બનેલા નાગરિકોને આર્થિક નુકસાનમાંથી બચાવવા માટે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. કોડીનાર પોલીસે ઈન્સિડન્ટ રિસ્પોન્સ યુનિટ અંતર્ગત કાર્યવાહી કરી ૨૪ જેટલા અરજદારોની ફ્રીઝ અને હોલ્ડ કરાવેલી કુલ રૂ.૮,૪૯,૦૯૭ ની રકમ પરત અપાવી છે. પોલીસ દ્વારા સાયબર ક્રાઈમનો ભોગ બનનારને તાત્કાલિક મદદરૂપ થવા અન્વયે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોડીનાર પી.આઈ.ના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૫ દરમિયાન જે લોકોએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી, તેમના નાણાં જે શંકાસ્પદ ખાતામાં જમા થયા હતા તે ખાતાઓ ફ્રીઝ કરાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહીના ભાગરૂપે મયુરભાઈ બાંભણીયા, પંકજ બજાજ, કિશન રૂપારેલ, વિરેનભાઈ, આશિષકુમાર બારડ, મહેશ બાંભણીયા સહિત કુલ ૨૪ અરજદારોને તેમના ગુમાવેલા નાણાં પરત મળ્યા છે. આ સફળ કામગીરીમાં કોડીનાર પી.આઈ. એમ.કે. વણારકા સાથે વુમન પોલીસ કોન્સ્ટેબલ મિનાક્ષીબેન વાણવી અને આઈ.ટી. એક્સપર્ટ વિશાલભાઈ વાળાએ જહેમત ઉઠાવી હતી.

# લીલીયાના સલડી નજીક ગમખ્વાર અકસ્માતમાં યુવાન ગંભીર રીતે ઘાયલ

અમરેલી, તા.૦૯



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામ નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ડાયવર્જન પાસે વળાંકમાં થયેલા આ અકસ્માતમાં નીતિનભાઈ ભૂપતભાઈ પરમાર (ઉ.વ. ૪૮) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના એટલી ભયાનક હતી કે ઈજાગ્રસ્ત યુવકના માથાના ભાગે લોખંડનો સળિયો ઘૂસી ગયો હતો. નીતિનભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટનાને પગલે પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# લાઠી શહેરમાં દબાણ કરનારાઓને વહીવટીતંત્રનું જ સમર્થન હોવાના આક્ષેપ

લાઠી, તા.૦૯



લાઠી શહેરમાં દબાણ કરનારાઓને અમરેલી જિલ્લાનું વહીવટીતંત્ર જ સમર્થન આપતું હોવાનો આક્ષેપ સ્થાનિક જાગૃત નાગરિક રજનીકાંત રાજ્યગુરૂએ કર્યો છે. તેમણે આ અંગે અધિકારીઓની નિષ્ક્રિયતા અંગે દિલ્હીમાં વડાપ્રધાન ઓફિસમાં સીધી રજૂઆત કરી હતી. તેમણે જિલ્લા પોલીસ અધિક્ષકને પત્ર લખીને જણાવ્યું હતું કે, ટ્રાફિક વ્યવસ્થા અને દબાણ દૂર કરવા સ્થાનિક પ્રશાસન અને પોલીસ વિભાગની પણ જવાબદારી બનતી હોય છે, પરંતુ લાઠીમાં પુરતો પોલીસ સ્ટાફ જ નથી. તેમણે વિવિધ સમસ્યાઓ અંગે સ્થાનિક પ્રશાસન, મુખ્યમંત્રી, ગૃહ મંત્રી, શહેરી વિકાસ વિભાગ, ભાવનગર કમિશનર સહિતનાઓને વખતો વખત રજૂઆતો કરી હતી. આમ છતાં કોઈ કાર્યવાહી ન થતાં તેમણે તા.૧૭-૧-૨૬ના રોજ પોતાના પોતાના નિવાસ્થાને બંધ મકાનમાં શરીરે પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# અમરેલીના ચક્કરગઢ રોડ પર ફાટકના સ્થાને ડબલ અંડરબ્રિજનું લોકાર્પણ કરાયું

અમરેલી,તા.૦૯



અમરેલી શહેરના ચક્કરગઢ રોડ પર વર્ષોથી માથાના દુઃખાવા સમાન રહેલી ટ્રાફિક સમસ્યાનો આખરે અંત આવ્યો છે. રેલવે ફાટકને સ્થાને નવનિર્મિત ડબલ અંડરબ્રિજનું લોકાર્પણ આજે સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ, સ્કૂલ અને ભારે વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને, અહીં એકના બદલે બે અંડરબ્રિજ બનાવવામાં આવ્યા છે. સ્થાનિક આગેવાનો અને નાગરિકોની રજૂઆતો બાદ સાંસદ ભરતભાઈ સુતરીયાએ દિલ્હી સુધી રજૂઆત કરીને આ પ્રોજેક્ટની મંજૂરી અપાવી હતી. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રી મેહુલ ધોરાજીયા સહિત નગરપાલિકાની ટીમ ઉપસ્થિત રહી હતી. ડબલ અંડરબ્રિજ શરૂ થતાં વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને મોટી રાહત મળી છે. સમસ્યાનો ઉકેલ આવતા સ્થાનિક લોકોએ સાંસદ ભરતભાઈ સુતરીયાનું સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૦૩/૨૦૨૬

અરજદાર : શ્રી મનસુરભાઈ ભાણજીભાઈ મુરધાની
સરનામુ : મું.ટીંબી, તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મનસુરભાઈ ભાણજીભાઈ મુરધાની** એ તેમના **પુત્ર નામે શ્રી શૌકતઅલી મનસુરભાઈ મુરધાની નો જન્મ** તા.૦૧/૦૩/૧૯૬૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# અમરેલી જિલ્લામાં આજથી કરૂણા અભિયાન, અબોલ પક્ષીઓનું રક્ષણ કરવા અનુરોધ

**નાગરિકોને ચાઈનીઝ દોરાનો ઉપયોગ ન કરવા તંત્રની અપીલ**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં આવતીકાલથી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી 'કરૂણા અભિયાન-૨૦૨૬' યોજાશે, જેમાં અબોલ પક્ષીઓનું રક્ષણ કરાશે. પતંગના દોરાથી ઘાયલ પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે હેલ્પલાઈન નંબરો ૧૯૬૨ (એનિમલ એમ્બ્યુલન્સ), ૧૯૨૬ (વન વિભાગ) અને ૮૩૨૦૦ ૦૨૦૦૦ (વ્હોટ્સએપ) જાહેર કરાયા છે. સમગ્ર જિલ્લામાં ફોરેસ્ટ કોલોની-બાબરા, દામનગર નર્સરી, ગીર પૂર્વ વન વિભાગ-ધારી, વન્યજીવ રેન્જ લીલીયા સહિત ૨૦ કલેક્શન અને સારવાર કેન્દ્રો કાર્યરત કરાયા છે. બાબરા, કુંકાવાવ, રાજુલા, લાઠી, દામનગર અને અમરેલીના પશુ ચિકિત્સાલયોમાં સારવાર ઉપલબ્ધ રહેશે. સમગ્ર જિલ્લાના નાગરિકોને ચાઈનીઝ દોરાનો ઉપયોગ ન કરવા તેમજ પક્ષીઓના વિહરવાના સમયે (સવાર ૭-૯ અને સાંજે ૫-૮) પતંગો ન ઉડાડવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૦૨/૨૦૨૬

અરજદાર : શ્રી મનસુરભાઈ ભાણજીભાઈ મુરધાની
સરનામુ : મું.ટીંબી, તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મનસુરભાઈ ભાણજીભાઈ મુરધાની** એ તેમના **પુત્ર નામે શ્રી બહાદુરભાઈ મનસુરભાઈ મુરધાની નો જન્મ** તા.૩૧/૦૧/૧૯૯૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૯૬/૨૦૨૫ તા.૧૬/૧૨/૨૦૨૫

શ્રી વનરાજભાઈ ધોહાભાઈ વાળા
રહે.માણેકવાડા, ઠે બીલખા રોડ, તા. બગસરા, જી. અમરેલી
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટા કોટડા તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી વનરાજભાઈ ધોહાભાઈ વાળા રહે. માણેકવાડા, ઠે બીલખા રોડ, તા. બગસરા, જી. અમરેલી એ તેમના મોટા બા સજુબેન ભાણભાઈ વાળા નું મરણ તા.૦૩/૦૮/૧૯૯૦ ના રોજ વિસાવદર તાલુકાના મોટા કોટડા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટા કોટડા, તા. વિસાવદર, જી.જુનાગઢ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટા કોટડા, તા.વિસાવદર, જી.જુનાગઢના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૬ મી ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૦૭/૨૦૨૬ તા.૦૮/૦૧/૨૦૨૬

શ્રી રાજાભાઈ મોહનભાઈ રાઠોડ
રહે. દુધાળા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, દુધાળા તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી રાજાભાઈ મોહનભાઈ રાઠોડ રહે. દુધાળા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમના દાદા શ્રી કડવાભાઈ ખોડાભાઈ રાઠોડ નું મરણ તા.૦૨/૦૮/૧૯૭૧ ના રોજ વિસાવદર તાલુકાના દુધાળા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, દુધાળા, તા. વિસાવદર, જી.જુનાગઢ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, દુધાળા, તા.વિસાવદર, જી.જુનાગઢ ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૮ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.1/2026

**પ્રતિ,**
શ્રી નીલા ભરતપુરી ગૌસ્વામી,
રહે.આણંદપુર, ગામ-આણંદપુર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત આણંદપુર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના આણંદપુર ગામના રહીશ ભરતપુરી હેમપુરી ગૌસ્વામી તથા નીલા ભરતપુરી ગૌસ્વામીના પુત્ર રવિપુરી ભરતપુરી ગૌસ્વામીનો જન્મ તારીખ **01/03/2004** ના રોજ કોડીનાર તાલુકાના આણંદપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત આણંદપુર, તાલુકો કોડીનાર સને.**2004** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૦૮/૨૦૨૬ તા.૦૮/૦૧/૨૦૨૬

શ્રી રાજાભાઈ મોહનભાઈ રાઠોડ
રહે. દુધાળા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, દુધાળા તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી રાજાભાઈ મોહનભાઈ રાઠોડ રહે. દુધાળા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમના દાદી શ્રી કાળીબેન કડવાભાઈ રાઠોડ નું મરણ તા.૧૫/૧૧/૨૦૦૧ ના રોજ વિસાવદર તાલુકાના દુધાળા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, દુધાળા, તા. વિસાવદર, જી.જુનાગઢ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, દુધાળા, તા.વિસાવદર, જી.જુનાગઢ ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૮ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

# પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત ન કરતા વેપાર અટક્યો : અમેરિકા

નવીદિલ્હી,તા.૯

ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ પ્રમુખપદ સંભાળ્યું ત્યારથી, ભારત સાથેના તેમના સંબંધોમાં તણાવ ઉભરી આવ્યો છે. ટ્રમ્પના ભારત સાથે ચાલી રહેલા સંબંધો વચ્ચે, યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે એક મોટો અને નવો ખુલાસો કર્યો છે. ભારત-અમેરિકા વેપાર કરાર હજુ સુધી અંતિમ ન થવાના કારણ અંગે, તેમણે દાવો કર્યો કે વેપાર



કરાર અટકી ગયો છે કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી ન હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કરાર અટકી ગયો છે કારણ કે વડાપ્રધાન મોદીએ ટ્રમ્પને ફોન કર્યો ન હતો. હોવર્ડ લુટનિકે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વેપાર સોદો અટકી પડવાનું કારણ કોઈ નીતિગત તફાવત નથી, પરંતુ પીએમ મોદીનો ટ્રમ્પને સીધો ફોન કરવામાં નિષ્ફળતા છે. ઓલ-ઈન પોડકાસ્ટ પર બોલતા, યુએસ વાણિજ્ય સચિવ લુટનિકે દાવો કર્યો હતો કે વેપાર સોદાની રૂપરેખા સંપૂર્ણપણે તૈયાર હતી, પરંતુ પીએમ મોદીએ તેને અંતિમ સ્વરૂપ આપવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરવી પડે. લુટનિકના મતે, ભારત સરકાર આનાથી સહમત ન હતી, અને આખરે, કોલ કરવામાં આવ્યો ન હતો, જેના કારણે વેપાર કરાર અટકી ગયો.

# કૂતરા તરફી વકીલોએ સુપ્રીમ કોર્ટમાં પક્ષ રજૂ કર્યો, વધુ સુનવણી ૧૩ જાન્યુઆરીએ

ન્યુ દિલ્હી,તા.૦૯

શુક્રવારે સતત ત્રીજા દિવસે સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરા કેસની સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, અરજદાર વતી વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટને આ મામલામાં દખલ ન કરવા વિનંતી કરી. ACGS (All Creatures Great and Small) નામની સંસ્થા વતી દલીલ કરતા સિંઘવીએ કહ્યું કે આ મામલો હવે ફક્ત કૂતરા અને માણસો વચ્ચેનો નથી,



પરંતુ બંધારણના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો તેમાં સામેલ છે. આવી સ્થિતિમાં, કોર્ટે દખલ ન કરવી જોઈએ. જ્યારે સંસદ જાણી જોઈને દખલ ન કરી રહી હોય, ત્યારે કોર્ટે પણ દખલ ન કરવી જોઈએ. સિનિયર વકીલ મહાલક્ષ્મી પાવની (એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ) એ કહ્યું, “લોકો કૂતરા રાખતી મહિલાઓ વિશે અપમાનજનક વાતો કહે છે. તેઓ કહે છે કે મહિલાઓ સંતોષ માટે કૂતરાઓ સાથે સૂવે છે.” એક વકીલે દલીલ કરી હતી કે બધા કૂતરા આક્રમક નથી હોતા. AIIMSમાં ઘણા વર્ષોથી ગોલ્ડી નામની એક માદા કૂતરી છે. કોર્ટે કડક ટિપ્પણી કરી હતી કે શેરીમાં રહેતા કૂતરાઓમાં કીડા હોય છે. જો આવા કૂતરાઓ હોસ્પિટલમાં હોય તો તે ખૂબ જ ખતરનાક બની શકે છે. હોસ્પિટલોમાં કૂતરાઓને સારા દેખાડવાનો અથવા ‘મહાન’ સાબિત કરવાનો પ્રયાસ કરશો નહીં. શુક્રવારે રખડતા કૂતરાના મુદ્દા પર સુનાવણી લગભગ ૧.૫૦ કલાક ચાલી. કોર્ટે આગામી સુનાવણીની તારીખ ૧૩ જાન્યુઆરી નક્કી કરી છે.

# અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય આઈઈડી ડેટા મેનેજમેન્ટ સિસ્ટમનું ઉદ્‌ઘાટન

નવીદિલ્હી,તા.૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે ભારતની પ્રથમ રાષ્ટ્રીય આઈઈડી ડેટા મેનેજમેન્ટ સિસ્ટમનું ઉદ્‌ઘાટન કર્યું. આ પગલું દેશના કાઉન્ટર-આઈઈડી અને આંતરિક સુરક્ષા માળખાને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. એનઆઈડીએમએસને રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ એક સુરક્ષિત ડિજિટલ પ્લેટફોર્મ છે જે આઈઈડી-સંબંધિત ડેટાના સંગ્રહ, એકત્રીકરણ અને વિતરણને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે. વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન દરમિયાન, અમિત શાહે કહ્યું કે આંતર-એજન્સી સંકલનમાં પણ સુધારો થશે. યોગ્ય સમયે અને સ્થળે યોગ્ય માહિતી પહોંચાડવાનો આ ખૂબ જ અસરકારક માર્ગ હશે. એનએસજીની સ્થાપના ૧૯૮૪ માં થઈ હતી અને ત્યારથી, તે વિશ્વભરમાં આતંકવાદી હુમલાઓનું વિશ્લેષણ કરે છે અને કોઈપણ ઘટના માટે તૈયાર રહે છે.

# રશિયન તેલ ખરીદી પર ટ્રમ્પ દરરોજ ટિપ્પણી કરી રહ્યા છે, પરંતુ મોદીજી મૌન છે : મલ્લિકાર્જુન ખડગે

નવીદિલ્હી,તા. ૯

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, "અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ભારતની રશિયન તેલ ખરીદી પર દરરોજ ટિપ્પણી કરી રહ્યા છે. પરંતુ મોદીજી મૌન છે. તેઓ આંખનો સંપર્ક ટાળી રહ્યા છે. ’સર’ શબ્દનો ઉપયોગ ’શરણાગતિ’ જેવો લાગે છે.



અમારા માટે, વિદેશ નીતિનો અર્થ એ છે કે રાષ્ટ્રીય હિત સર્વોપરી હોવું જોઈએ. પરંતુ મોદી સરકારે બિન-જોડાણ અને વ્યૂહાત્મક સ્વાયત્તતાની અમારી વિદેશ નીતિને ભારે ફટકો આપ્યો છે. મોદી સરકારની વિદેશ નીતિ જંગલી લોલકની જેમ ઝૂલે છે, અહીં અને ત્યાં ઝૂલે છે, અને ભારતના લોકો તેના પરિણામો ભોગવી રહ્યા છે." કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે સોશિયલ મીડિયા પર લુટનિકના નિવેદનનો એક વીડિયો શેર કર્યો, જેમાં લખ્યું, "આલિંગન હવે આલિંગન નથી, પોસ્ટ-પોસ્ટ હવે નથી." તેમણે જૂના હિન્દી ગીતનો ઉપયોગ કટાક્ષ તરીકે કર્યો, "તમારી બેવફા મિત્રતાનું શું થયું છે." વડાપ્રધાન પર કટાક્ષ કરતા રમેશે આગળ કહ્યું, "તમારી બેવફા મિત્રતાનું શું થયું છે?" રમેશનો કટાક્ષ ૧૯૬૫ની ફિલ્મ "ગાઈડ" અને ૧૯૬૪ની ફિલ્મ "સંગમ" ના પ્રખ્યાત ગીતો પર આધારિત હતો.

# ઈસરોએ ૧૨ જાન્યુઆરીએ વધુ એક ઉપગ્રહ લોન્ચ કરવાની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૯

ભારતીય અવકાશ સંશોધન સંગઠને ૨૦૨૬ના તેના પ્રથમ પ્રક્ષેપણની જાહેરાત કરી છે. ઈસરોનું આ વર્ષનું પ્રથમ પ્રક્ષેપણ મિશન, પીએસએસવી સી૬૨-ઈઓએસ-એન-૧ સોમવાર, ૧૨ જાન્યુઆરી (સોમવાર) સવારે ૧૦:૧૭ વાગ્યે સુનિશ્ચિત થયેલ છે. આ મિશન પૃથ્વી દેખરેખ ઉપગ્રહ ઈઓએસ-એન-૧ ને તેના પ્રાથમિક પેલોડ તરીકે, ૧૫ સહ-મુસાફર ઉપગ્રહો સાથે લઈ જશે. માહિતી અનુસાર, પીએસએલવી ડીએલ વેરિઅન્ટનો ઉપયોગ કરીને આ ૬૪મી પીએસએલવી ફ્લાઈટ, પેલોડને ૫૦૫ કિમી સૂર્ય-સમન્વય ભ્રમણકક્ષામાં મૂકશે. શ્રીહરિકોટા લોન્ચ સેન્ટર ખાતે લોન્ચ પેડ ૧ પર વાહન એકીકરણ પૂર્ણ થઈ ગયું છે, અને પ્રક્ષેપણ પહેલાંની તપાસ ચાલી રહી છે. નોંધનીય છે કે પીએસએલવી સી૬૧ મિશન ગયા વર્ષે મે મહિનામાં નિષ્ફળ ગયું હતું. આ મિશનનો સમયગાળો આશરે ૧ કલાક ૪૮ મિનિટનો હશે.

# તમિલનાડુમાં એઆઈએડીએમકેના ગઠબંધન સાથે ભાજપ ૫૦ બેઠક પર ચૂંટણી લડશે

નવીદિલ્હી,તા.૯

ભાજપે તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. એ નોંધવું જોઈએ કે આ ચૂંટણી માટે ભાજપ અને એઆઈએડીએમકે વચ્ચે ગઠબંધન થયું છે. તાજેતરમાં, એઆઈએડીએમકેના મહાસચિવ એડાપ્પડી પલાનીસ્વામીએ નવી દિલ્હીમાં અમિત શાહ સાથે



મુલાકાત કરી હતી. ત્યારબાદ, આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શુક્રવારે રાજ્ય ભાજપ પ્રમુખ નયનર નાગેન્દ્રન પલાનીસ્વામી સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકથી દિલ્હીમાં યોજાયેલી બેઠક વહેંચણીની ચર્ચા આગળ વધી હતી. સૂત્રો સૂચવે છે કે ૨૩ ડિસેમ્બરે ચેન્નાઈમાં પલાનીસ્વામી અને ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ વચ્ચે બેઠક વહેંચણી અંગે થયેલી બેઠક દરમિયાન, ભાજપે ૫૦ થી વધુ બેઠકો પર ચૂંટણી લડવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. દિલ્હીમાં અમિત શાહ સાથેની મુલાકાત દરમિયાન પણ, ભાજપે ૫૦ થી વધુ બેઠકો પર ચૂંટણી લડવાની પ્રતિબદ્ધતા જાળવી રાખી હતી. જોકે, એઆઈએડીએમકેએ હજુ સુધી કોઈ સમાધાન કર્યું નથી, અને ઓછામાં ઓછી ૧૭૦ બેઠકો પર ચૂંટણી લડવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

# દાંતેવાડા જિલ્લામાં ૧૮ મહિલાઓ સહિત ૬૩ નક્સલીઓનું આત્મસમર્પણ

જગદલપુર,તા.૯

છત્તીસગઢના દાંતેવાડા જિલ્લામાં નક્સલીઓ સામેના અભિયાનને મોટી સફળતા મળી છે. લોન વારતુ અભિયાન હેઠળ, આજે ૧૮ મહિલાઓ સહિત ૬૩ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું. આ ઘટના રાજ્યમાં નક્સલવાદ સામે ચાલી રહેલી લડાઈમાં એક વળાંક સાબિત થઈ શકે છે. શરણાગતિ સ્વીકારનારાઓમાં



પશ્ચિમ બસ્તર ડિવિઝન કમિટીના સેક્રેટરી મોહન કડતી પણ હતા, જેમણે તેમની પત્ની સાથે શરણાગતિ સ્વીકારી હતી. આ નક્સલીઓ પર કુલ એક કરોડ રૂપિયાથી વધુનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું, જે નક્સલી પ્રવૃત્તિઓમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે. આ મોટા પાયે શરણાગતિએ નક્સલી સંગઠનને મોટો ફટકો આપ્યો છે. આ શરણાગતિ ફક્ત છત્તીસગઢના નક્સલીઓ સુધી મર્યાદિત નથી, પરંતુ છત્તીસગઢની બહારના નક્સલીઓ પણ સામેલ છે. આ સૂચવે છે કે રાજ્ય પોલીસ અને સુરક્ષા દળો નક્સલવાદ સામે અસરકારક કાર્યવાહી કરી રહ્યા છે

# કેન્દ્રીય બેંક, નિયમનકાર તરીકે નિરીક્ષક નથી પરંતુ ભાગીદાર છે : આરબીઆઈ

મુંબઈ,તા.૯

બેંકિંગ ક્ષેત્રના નિયમનકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશના બેંકિંગ અને નાણાકીય ક્ષેત્ર માટે સકારાત્મક અને સહયોગી અભિગમની હિમાયત કરી છે. શુક્રવારે મુંબઈમાં કોલેજ ઓફ સુપરવાઈઝર્સના ત્રીજા વાર્ષિક વૈશ્વિક પરિષદમાં બોલતા, આરબીઆઈ ગવર્નર



સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું કે નિયમનકારી કાર્યવાહી સૌથી અસરકારક હોય છે જ્યારે બેંકો અને અન્ય નિયમનકારી સંસ્થાઓ સુપરવાઈઝરોને ‘દોષ શોધનારા નિરીક્ષકો’ તરીકે નહીં, પણ ભાગીદાર તરીકે જુએ છે.

આરબીઆઈ ગવર્નરનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારતીય નાણાકીય વ્યવસ્થામાં બેંકોની ભૂમિકાને નાણાકીય મધ્યસ્થી અને સમાવેશી વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચારનો મજબૂત રીતે ઉકેલ લાવવો જોઈએ : વિદેશ મંત્રાલય

નવીદિલ્હી,તા.૯

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગને સંબોધિત કર્યું. બ્રીફિંગ દરમિયાન, તેમણે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચાર અંગે ચિંતા વ્યક્ત કરી. જયસ્વાલે કહ્યું, "આપણે લઘુમતીઓ, તેમજ તેમના ઘરો અને વ્યવસાયો પર ઉગ્રવાદીઓ દ્વારા વારંવાર હુમલાઓ જોઈ રહ્યા છીએ. આ ચિંતાજનક વલણ છે. આવી સાંપ્રદાયિક ઘટનાઓનો તાત્કાલિક અને મજબૂત રીતે ઉકેલ લાવવો જોઈએ. આવી ઘટનાઓને વ્યક્તિગત દુશ્મનાવટ, રાજકીય મતભેદો અથવા બાહ્ય પરિબળોને જવાબદાર ઠેરવવાની વૃત્તિ ચિંતાજનક છે. આ અજ્ઞાન ગુનેગારોને વધુ હિંમત આપે છે અને લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવનાને વધારે છે."

વિદેશ મંત્રાલયે યુએસ કોંગ્રેસમાં રશિયન તેલની ખરીદી



પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાના બિલનો પણ જવાબ આપ્યો. પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે પ્રસ્તાવિત બિલથી વાકેફ છીએ. અમે વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. ઉર્જા સ્ત્રોતોના વ્યાપક મુદ્દા પર અમારી સ્થિતિ જાણીતી છે. આ પ્રયાસમાં, અમે બદલાતી વૈશ્વિક બજાર પરિસ્થિતિઓ અને ૧.૪ અબજ લોકોની ઉર્જા સુરક્ષા જરૂરિયાતો બંનેથી વાકેફ છીએ, ખાતરી કરીએ છીએ કે આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી સસ્તી ઉર્જા ઉપલબ્ધ થાય.

એમઈએ પ્રવક્તા રણધીર જયસ્વાલે પણ શક્સગામ ખીણમાં ચીની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, ‘શક્સગામ ખીણ ભારતીય ક્ષેત્ર છે અને અમે શક્સગામ ખીણમાં જમીની વાસ્તવિકતા બદલવાના પ્રયાસો સામે ચીની પક્ષ સમક્ષ સતત વિરોધ કર્યો છે.’

તાઈવાન નજીક ચીની લશ્કરી કવાયતો અંગે, જયસ્વાલે કહ્યું, "ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

# આવતીકાલે વડોદરામાં ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે વન ડે શ્રેણીનો પ્રારંભ, દર્શકોમાં ઉત્સાહ

વડોદરા,તા.૯

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વનડે શ્રેણી ૧૧ જાન્યુઆરીથી શરૂ થશે અને બરોડા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. શુભમન ગિલને વનડે શ્રેણી માટે કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. અહેવાલ મુજબ, શ્રેયસ ઐયર, ઋષભ પંત, મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજા સિવાયના તમામ વનડે ટીમના ખેલાડીઓ બરોડા આવી ગયા છે. શ્રેયસ ઐયર, ઋષભ



પંત, મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજા હાલમાં વિજય હજારે ટ્રોફીમાં રમી રહ્યા છે અને પોતપોતાની રાજ્ય ટીમનો ભાગ છે. બધા ભારતીય ખેલાડીઓ ૭ જાન્યુઆરી સુધીમાં બરોડા પહોંચવાના હતા. જોકે, તેમના વ્યસ્ત સમયપત્રકને કારણે, આ ચાર ખેલાડીઓ હજુ સુધી બરોડા પહોંચ્યા નથી. એવી અપેક્ષા છે કે આ ખેલાડીઓ ૯ જાન્યુઆરી સુધીમાં ટીમમાં જોડાશે.

શ્રેયસ ઐયર ૨૦૨૫-૨૬ વિજય હજારે ટ્રોફીમાં મુંબઈનો કેપ્ટન છે, જ્યારે ઋષભ પંત દિલ્હીનું નેતૃત્વ કરી રહ્યો છે. સિરાજ હૈદરાબાદ માટે રમી રહ્યો છે.

જ્યારે રવિન્દ્ર જાડેજા સૌરાષ્ટ્ર ટીમનો ભાગ છે. વિજય હજારે ટ્રોફીનો લીગ તબક્કો પૂર્ણ થયો છે. દિલ્હી, મુંબઈ અને સૌરાષ્ટ્ર નોકઆઉટ રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ગયા છે.

# હિમાચલ પ્રદેશના સિરમૌરમાં ખાનગી બસ ખાડામાં ખાબકતા ૮ લોકોના મોત, અનેક મુસાફરો ઘાયલ

(એચ.એસ.એલ),શિમલા,તા.૯

હિમાચલ પ્રદેશના સિરમૌરમાં શુક્રવારે એક મોટો માર્ગ અકસ્માત થયો. મુસાફરોથી ભરેલી એક ખાનગી બસ ૨૦૦ મીટર ઊંડી ખાડામાં પડી ગઈ. આ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા અને પાંચ ઘાયલ થયા. ઘટના બાદ ઘટનાસ્થળે અફડાતફડી મચી ગઈ હતી.

આ ખાનગી બસ શિમલાથી કુપવી જઈ રહી હતી. સિરમૌર જિલ્લાના રેણુકાજી વિધાનસભા



મતવિસ્તારના હરિપુરધરમાં "જીત કોચ" નામની બસ રસ્તા પરથી ઉતરીને ખાડામાં પડી ગઈ હતી. હરિપુરધર બજારની થોડી વાર પહેલા બસ ખાડામાં પડી ગઈ હતી. એવું જાણવા મળ્યું છે કે બસમાં પૂરતા પ્રમાણમાં મુસાફરો ભરેલા હતા. અકસ્માતને કારણે બસ સંપૂર્ણપણે નાશ પામી હતી. લોકોનું ટોળું ઘટનાસ્થળે દોડી આવ્યું હતું અને મૃતકો અને ઘાયલોને બસમાંથી બહાર કાઢ્યા હતા.

સિરમૌરના પોલીસ અધિક્ષક નિશ્ચિંત સિંહ નેગીએ જણાવ્યું હતું કે, "સિરમૌર જિલ્લાના હરિપુરધર નજીક કુપવીથી શિમલા જઈ રહેલી એક ખાનગી બસ રસ્તા પરથી પડી જતાં આઠ લોકોના મોત થયા હતા. મૃત્યુઆંક વધી શકે છે. બસમાં ૩૦-૩૫ લોકો સવાર હતા અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. પોલીસ અને અન્ય બચાવ ટીમોએ ઘાયલોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો."

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૯

વડાપ્રધાન દેશને આત્મનિર્ભર બનાવવા દરેક સેક્ટરમાં હોલિસ્ટિક એપ્રોચ સાથે રિફોર્મ્સ લાવ્યા છે. લિગ્નાઈટ-લાઈમ સ્ટોન-બોક્સાઈટ જેવા મુખ્ય ખનિજો માટે ગુજરાત મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. ચિંતન શિબિરમાં ગુજરાત પોતાની ખનિજ સંપદાઓ દ્વારા વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતથી વિકસિત ભારત @ ૨૦૪૭નો સંકલ્પ સાકાર કરવામાં યોગદાન આપવા પ્રતિબદ્ધ છે.

ભારતનું માઈનીંગ ક્ષેત્ર વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો મજબૂત આધારસ્તંભ બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના ખનિજ મંત્રાલય દ્વારા મહાત્મા મંદિરમાં યોજાઇ રહેલી રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિરમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, નવા ભારતના નિર્માણનો રોડમેપ તૈયાર કરવાનું સક્ષમ મંચ આ ચિંતન શિબિર બનશે. કેન્દ્ર



સરકારના ખનિજ મંત્રાલયની પ્રથમ રાષ્ટ્રીય ચિંતન શિબિરનું મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ માટે આયોજન થયું છે અને દેશના વિવિધ રાજ્યોના ખાણ ખનિજ મંત્રીઓ તથા પદાધિકારીઓ અને સ્ટેક હોલ્ડર્સ તેમાં ભાગ લઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ આ ત્રિદિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ કેન્દ્રીય મંત્રીઓ જી.કિશન રેડ્ડી, સી.આર. પાટીલ તથા બિહારના ઉપમુખ્યમંત્રી અને રાષ્ટ્રીય ખાણ ખનિજ રાજ્યમંત્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ખાણ ખનિજ દેશના ઉદ્યોગો અને અર્થવ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ છે.

# બનાસકાંઠાના ધાનેરામાં ઓરીના ૯ પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય કમિશનર દોડી આવ્યા

પાલનપુર,તા.૯

બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં ઓરીએ માથું ઊંચકતા આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે. ડિસેમ્બર મહિનામાં લેવાયેલા સેમ્પલ્સના રિપોર્ટ આવતા જ તંત્રની ઊંઘ ઊડી ગઈ છે, જેમાં ૩૪ શંકાસ્પદ કેસોમાંથી ૯ પોઝિટિવ કેસની પુષ્ટિ થઈ છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ગાંધીનગરથી આરોગ્ય કમિશનર તાકીદે ધાનેરા પહોંચ્યા હતા.



ઓરીની સ્થિતિની સમીક્ષા કરવા માટે આરોગ્ય કમિશનરે જિલ્લા આરોગ્ય વિભાગ અને સ્થાનિક તંત્ર સાથે હાઈ-લેવલ બેઠક યોજી હતી. તેમણે પોતે સ્થિતિની ગંભીરતા માપી છે અને રોગચાળાને વધુ ફેલાતો અટકાવવા માટે સ્થાનિક વહીવટી તંત્રને કડક સૂચનાઓ આપી છે. આ બીમારી બાળકો માટે જોખમી સાબિત થઈ શકે છે. ઓરીના સંક્રમણને કાબૂમાં લેવા માટે આરોગ્ય કમિશનરે સમગ્ર તાલુકામાં યુદ્ધના ધોરણે રસીકરણ કરવાના આદેશ આપ્યા છે. ખાસ કરીને જે ગામોમાં પોઝિટિવ કેસ મળી આવ્યા છે, ત્યાં આરોગ્યની વિશેષ ટીમો દ્વારા 'ડોર-ટુ-ડોર' સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગનું લક્ષ્ય છે કે ધાનેરાનું એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે.

# નલિયા સૌથી વધુ ઠંડુ શહેર : હિમાલય તરફથી પવનો આવતા ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડી

અમદાવાદ,તા.૯

ગુજરાતમાં શિયાળાની ઠંડી હવે તેના પૂરા મિજાજમાં આવી ગઈ છે. કચ્છના નલિયામાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા તે રાજ્યનું સૌથી ઠંડુંગાર સ્થળ બન્યું છે. હવામાન નિષ્ણાતો અનુસાર, સામાન્ય રીતે ડિસેમ્બર-જાન્યુઆરીમાં ઉત્તર ભારત અને હિમાલય તરફથી આવતા સૂકા અને ઠંડા પવનો ગુજરાતમાં કડકડતી ઠંડી લાવે છે. અરબી સમુદ્ર તરફથી આવતા ગરમ અને ભેજવાળા પવનોને કારણે પણ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો અટક્યો હતો. જોકે, હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. તાજેતરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ભારતમાં હિમવર્ષા વધી છે, જેના કારણે ઠંડા પવનો ગુજરાત સુધી પહોંચી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, આગામી ૫-૭ દિવસોમાં ગુજરાતમાં ઠંડીમાં વધારો થશે. ઉત્તર ભારતમાં ન્યૂનત્તમ તાપમાનમાં ૨-૪°નો ઘટાડો થઈ શકે છે, જેની અસર ગુજરાત પર પણ પડશે. ખાસ કરીને રાત્રે અને સવારે શીતલહેરનો પ્રભાવ તીવ્ર બનશે.

# ઉપલેટા તાલુકામાં છેલ્લાં ૨૪ કલાકમાં ભૂકંપના ૧૫ આંચકા આવતા લોકોમાં ભયનો માહોલ

રાજકોટ,તા.૯

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં આજે વહેલી સવારથી જ ભૂકંપના ઉપરાછાપરી આંચકા અનુભવાતા સ્થાનિકોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. માત્ર પોણા કલાકના ગાળામાં જ એક બાદ એક ત્રણ આંચકા અનુભવાતા લોકો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા.

આજે વહેલી સવારે ૬થી ૭ વાગ્યાની વચ્ચે જેતપુર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધરતી ધ્રૂજી ઉઠી હતી. ખાસ કરીને સવારે ૬:૧૯ વાગ્યે ૩.૮ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉપલેટાથી ૨૮ કિલોમીટર દૂર નોંધાયું છે. ભૂકંપના




આંચકાઓને કારણે જેતપુર શહેર ઉપરાંત નીચેના ગ્રામ્ય પંથકોમાં વધુ ફફડાટ જોવા મળ્યો હતો.

જેતલસર, પેઢલા અને સરધારપુરનો સમાવેશ થાય છે. ઉપલેટાથી ૨૫ કિલોમીટર દૂર ભૂકંપના આચકા અનુભવાયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૫ આચકા નોંધાયા. સતત એક જ જગ્યા ઉપર આચકા આવી રહ્યા છે. સૌથી વધુ ૩.૮ નો ભૂકંપ આજે સવારે નોંધાયો હતો. ઉપલેટામાં સ્વોર્મ્સ એક્ટિવિટી થઈ રહી છે. ઉપલેટામાં આ એક્ટિવિટીને કારણે ૧૫ ભૂકંપના આચકા અનુભવાયા છે.

# ચલાલા નગરપાલિકામાં પ્રમુખ પદની ચૂંટણી નાટકીય વળાંક બાદ મોકૂફ

અમરેલી,તા.૦૯

ધારી તાલુકાની ચલાલા નગરપાલિકામાં આજે યોજાનારી પ્રમુખ પદની ચૂંટણી નાટકીય વળાંક બાદ મોકૂફ રાખવામાં આવી છે. પાલિકાના સભાખંડમાં તમામ સભ્યોની હાજરી અને વહીવટી તૈયારીઓ પૂર્ણ થઈ હોવા છતાં, ધારી પ્રાંત કલેક્ટરનો ફેક્સ આવતા ચૂંટણી પ્રક્રિયા અટકાવી દેવામાં આવી હતી. હવે આગામી ૧૬ જાન્યુઆરીના રોજ નવા પ્રમુખની પસંદગી કરવામાં આવશે. ચલાલા નગરપાલિકાની ૨૪માંથી ૨૪ બેઠકો પર ભાજપનું શાસન છે. ગત ૪ માર્ચ ૨૦૨૫ના રોજ નયનાબેન વાળા પ્રમુખ પદે ચૂંટાયા હતા. જોકે, માત્ર ૯ મહિનાના ટૂંકા ગાળામાં જ સભ્યોમાં ભારે અસંતોષ ઊભો થયો હતો. સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવે તે પહેલા જ નયનાબેન વાળાએ સ્વેચ્છાએ રાજીનામું આપી દેતા પ્રમુખ પદ ખાલી પડ્યું હતું. આ ખાલી પડેલી બેઠક ભરવા માટે આજે સત્તાવાર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી.

# અમિતાભ બચ્ચન પરિવારનું ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં રિયલ એસ્ટેટમાં મોટુ રોકાણ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૯

બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચનને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. બચ્ચન પરિવારે ગુજરાતના ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં એક મોટા મિક્સ-યુઝ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે આનંદ કે. પંડિતની આગેવાની હેઠળની શ્રી લોટસ ડેવલપર્સ એન્ડ રિયલ્ટી લિમિટેડ સાથે રજિસ્ટર્ડ



ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ કર્યા છે.

આ પ્રોજેક્ટ શ્રી લોટસ ડેવલપર્સની સંપૂર્ણ માલિકીની પેટાકંપની 'રાઈઝ રૂટ પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા અમલમાં મૂકવામાં આવશે. આ સોદો પ્રોફિટ-શેરિંગ અને એસેટ-લાઈટ મોડલ પર આધારિત છે. જમીનના ઈતિહાસ વિશે વાત કરીએ તો આ પ્રોજેક્ટ તે જમીન પર સાકાર થશે જે અમિતાભ બચ્ચને આશરે ૧૫ વર્ષ પહેલાં ખરીદી હતી. સાબરમતી રિવરફ્રન્ટ પાસે આવેલી આશરે ૨૩,૦૦૦ ચોરસ મીટર બિન-ખેતી ફ્રીહોલ્ડ જમીન છે. આ કરારમાં બચ્ચન પરિવાર તરફથી અભિષેક બચ્ચન કાઉન્ટરપાર્ટી તરીકે જોડાયા છે.

# ગાંધીનગરમાં ટાઈફોઈડના દર્દીઓનો આંકડો ૧૬૭ને પાર, આરોગ્ય વિભાગ ઉંધામાથે

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૯

ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસનો આંકડો ૧૬૭ને પાર પહોંચી ગયો છે. આરોગ્ય વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, ગાંધીનગરમાં ટાઈફોઈડના નવા ૧૪ કેસ નોંધાયા છે. પરંતુ આ વચ્ચે ગુજરાત સરકારને મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે, ટાઈફોઈડના વધતા કેસને લઈને ગુજરાત સરકારને માનવાધિકાર



પંચે નોટિસ ફટકારી છે. સાથે જ આ અંગે મુખ્ય સચિવ પાસે રિપોર્ટ પણ માંગ્યો છે. ગાંધીનગરમાં દૂષિત પાણીને કારણે ટાઈફોઈડના કેસનો રાફડો ફાટ્યો છે. જેને લઈને હવે માનવાધિકાર પંચ એક્શનમાં આવ્યું છે. માનવાધિકાર પંચે ગુજરાત સરકાર પાસેથી બે અઠવાડિયામાં આ વિશે ખુલાસો માંગ્યો છે. માનવાધિકાર પંચે આ બાબતની સ્વતઃ નોધ ૪ જાન્યુઆરીના રોજ લીધી હતી. જેના બાદ ગુજરાતના મુખ્ય સચિવને નોટિસ ફટકારી છે. જેમાં બે અઠવાડિયામાં વિગતવાર માહિતી આપતો અહેવાલ માંગ્યો છે.

# ગુજરાત જમીન વિકાસ નિગમ આણંદના તત્કાલીન ફિલ્ડ સુપરવાઈઝર સામે ઈડીએ કરી કાર્યવાહી

અમદાવાદ, તા.૯

સુરેન્દ્રનગર જિલ્લાના ભૂતપૂર્વ કલેક્ટર ડૉ. રાજેન્દ્ર કુમાર પટેલ પર કડક પકડ જમાવ્યા બાદ, ગુજરાત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ હવે ગુજરાત જમીન વિકાસ નિગમ, આણંદના તત્કાલીન ફિલ્ડ સુપરવાઈઝર ધીરુભાઈ બાબુભાઈ શર્મા સામે કાર્યવાહી કરી છે. તપાસ બાદ, ઈડીએ પીએમએલએ ૨૦૦૨ હેઠળ ૪.૯૨ કરોડની સંપત્તિ કામચલાઉ રીતે જપ્ત કરી છે. ગાંધીનગરમાં ED ની પ્રાદેશિક કચેરીએ કાર્યવાહીની વિગતો



શેર કરી હતી. ઈડીએ જણાવ્યું હતું કે તેમણે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈઓ હેઠળ તત્કાલીન ફિલ્ડ સુપરવાઈઝર ધીરુભાઈ બાબુભાઈ શર્માની ૪.૯૨ કરોડની સંપત્તિ કામચલાઉ રીતે જપ્ત કરી છે.

# વાંસદાના રવાણિયા ગામે સગીરા પર ૮ નરાધમોનું સામૂહિક દુષ્કર્મ

**યુવતીના પરિવારજનોએ પોલીસ ફરિયાદ નોંધાવી, નરાધમો પર ફીટકાર**

વાંસદા,તા.૯

વાંસદા તાલુકાના રવાણિયા ગામે એક ૧૪ વર્ષીય સગીર તરુણીનું અપહરણ કરી આઠ યુવકો દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવાની જઘન્ય ઘટનાએ સમગ્ર વાંસદા પંથકમાં ચકચાર મચાવી દીધી છે. આ માનવતાને શરમાવે તેવી ઘટનાએ સ્થાનિકોમાં આક્રોશની લાગણી જગાવી છે, અને પોલીસે તાત્કાલિક ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ઘટનાની વિગતો મુજબ, રાત્રિના અંદાજે ૧૦ વાગ્યાના સુમારે સગીર તરુણી ઘરમાંથી લઘુશંકા માટે બહાર નીકળી હતી. તે સમયે ત્રણ આરોપીઓએ તેનું મોઢું દબાવી દબાણપૂર્વક મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કર્યું હતું.

જ્યારે તેણે વિરોધ કર્યો ત્યારે એક આરોપીએ તેનું માથું દિવાલ સાથે અથડાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું કે, "તમામ સાથે શારીરિક સંબંધ બાંધવો પડશે." ભય અને ધમકીથી ગભરાઈ ગયેલી સગીરાને બળજબરીથી કપડાં ઉતારવા મજબૂર કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપીઓએ તેના હાથ-પગ પકડી રાખી એક પછી એક વારાફરતી જબરદસ્તી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ ઘટનામાં સામેલ આરોપીઓના નામ આદિત્ય, નિખિલ, પીયુશ, ઉદય, સાહિલ, રવિન્દ્ર, આકાશ અને રાહુલ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પરિવારજનોએ વાંસદા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.











